**તેજી હોય કે પછી મંદી,**

બજાર તરફનો સાચો દ્રષ્ટિકોણ ઉજાગર કરી, નાના રોકાણકારોના હિતને ધ્યાનમાં રાખી, આધુનિક આર્થિક પ્રવાહો તેમ જ શેર, કોમોડીટી, ફોરેક્ષ વગેરે બજારોની ચાલને તાદશ્ય રજૂ કરી, દેશના ખૂણે ખૂણેથી આવેલ નિષ્ણાતોની સોનેરી સલાહ સાથે અમદાવાદથી પ્રકાશિત થતું, આર્થિક સાપ્તાહિક

**ધી ઇકોનોમિક રેવલ્યૂશન**

**ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ**

વધુ માહિતિ માટે વિઝીટ કરો :
web : www.theeconomicrevolution.in

email : theeconomicrevolution@yahoo.co.in
(M) 9825065387 contact : Narendra Joshi



Nirmal Metro Daily, Ahmedabad

પાનાં ૪, કિંમત રૂ. ૧.૦૦

અમદાવાદથી પ્રકાશિત થતું, પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા આપતું , અન્યાય સામે અવાજ ઉઠાવતું ક્રાન્તિકારી નિડર ગુજરાતી દૈનિક

RNI NO. GUJGUJ/2012/48123

નિર્મલ મેટ્રો, લગભગ એક કરોડ ઈ મેઈલમાં મોકલવામાં આવે છે

# નિર્મલ મેટ્રો

# NIRMAL METRO

દૈનિક

Monday
07.01.2019
Year 07, Issue 07



તંત્રી : નરેન્દ્ર જોષી
email : nirmalmetro@yahoo.com
website: www.nirmalmetro.com



● વર્ષ : ૭ ● અંક : ૦૭ ● તા.૦૭.૦૧.૨૦૧૯ સોમવાર ● પોષ સુદ ૦૧ ● સં. ૨૦૭૫ ● સહતંત્રી : દેવલક્ષ્મી જોષી ● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઇલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●


હિમાચલ પ્રદેશ અને જમ્મુ કાશ્મીરમાં ભારે હિમવર્ષા જારી

# હિમવર્ષાથી ઉત્તર ભારત ઠંડુગાર થયું : વૈષ્ણોદેવીની ઘણી સેવા બંધ

## જુદા જુદા વિસ્તારોમાં બરફની ચાદર છવાઇ : કારગિલમાં લઘુત્તમ તાપમાન માઈનસ ૧૮.૬ થતાં જનજીવન ઠપ : ઉત્તર ભારતમાં ધુમ્મસ-કાતિલ ઠંડી

એજન્સી દ્વારા
નવીદિલ્હી, તા. ૬

ઉત્તર ભારતની સાથે સાથે દેશભરમાં કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. જોરદાર હિમવર્ષા અને કોલ્ડવેવના કારણે ઉત્તરભારત ઠંડુગાર થઇ ગયું છે. હિમવર્ષા અને કાતિલ ઠંડી વચ્ચે માતા વૈષ્ણોદેવી મંદિર માટે હેલિકોપ્ટર સેવાને બંધ કરવાની ફરજ પડી છે. જમ્મુ કાશ્મીરના નિવાસી જિલ્લામાં ભારે હિમવર્ષાના કારણે હાલત કફોડી બની ગઈ છે. માતા વૈષ્ણોદેવી મંદિર માટે હેલિકોપ્ટર અને કેબલ કાર સેવા બંધ કરી દેવામાં આવી છે. બીજી બાજુ હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષા જારી છે. રાજ્યના કેલાંગ વિસ્તારમાં ૨૦ સેમી બરફ પડતા જનજીવન ખોરવાઈ ગયું છે. ચારેબાજુ બરફના થર જામી ગયા છે. પંજાબ, હરિયાણા અને રાજસ્થાન તેમજ ઉત્તરપ્રદેશ કાતિલ ઠંડીના સકંજામાં છે અને લઘુત્તમ તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો થઇ રહ્યો છે. જમ્મુ કાશ્મીરમાં રવિવારે એટલે આજે સવારે તાપમાનમાં ઘટાડો થયો હતો. લોકો ઘરમાં રહેવાનું પસંદ કરી રહ્યા છે. જો કે, હવામાન વિભાગે ૧૦મી જાન્યુઆરી બાદ સ્થિતિમાં સુધારો થશે તેવી વાત કરી છે. રાજયમાં શહેરી અને ગ્રામિણ વિસ્તારોમાં માર્ગો ઉપર વાહનો દેખાઇ રહ્યા નથી. શ્રીનગર શહેરમાં આજે લઘુત્તમ તાપમાન શૂન્યથી ૧.૨ ડિગ્રી નીચે પહોંચી ગયું હતું. પહેલગામમાં પારો માઈનસ ૭.૯ ડિગ્રી રહ્યો હતો. ગુલમર્ગમાં પારો માઈનસ નવ ડિગ્રી સુધી પહોંચ્યો હતો. લેહમાં માઈનસ ૧૦.૩ અને કારગિલમાં માઈનસ ૧૮.૬ ડિગ્રી પારો રહ્યો હતો. જમ્મુ શહેરમાં ૭.૪, કટરામાં ૯.૨ અને બટોટેમાં માઈનસ ૦.૮ ડિગ્રી પારો રહ્યો હતો. ત્રિકુટા પહાડી વિસ્તારમાં ભારે હિમવર્ષા થયા બાદ કટરા આધાર શિવિરથી મંદિર તરફ જતી સેવાઓને બંધ કરી દેવામાં આવી છે. વૈષ્ણોદેવી માટેની હેલિકોપ્ટર સેવા કામચલાઉ ધોરણે બંધ કરી દેવામાં



આવી છે. હવામાનની સ્થિતિમાં સુધારો થયા બાદ જ આ સેવા ફરી શરૂ કરાશે. જમ્મુ કાશ્મીરના બાંદીપોરા જિલ્લામાં છત પરથી બરફને દૂર કરતી વેળા એક વ્યક્તિનું પડી જવાથી મોત થયું છે.

મૃતકના પરિવારને ચાર લાખ રૂપિયાની મદદની જાહેરાત કરવામાં આવી છે. બીજી બાજુ અન્ય એક પહાડી રાજ્ય હિમાચલ પ્રદેશમાં પણ ભારે હિમવર્ષા જારી છે. હિમવર્ષાના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે. તેલાંગમાં તાપમાન માઈનસ સાત ડિગ્રી નોંધાયું છે. મેદાની ભાગોની વાત કરવામાં આવે તો પંજાબ અને હરિયાણામાં ઠંડીના પ્રકોપથી હાલત કફોડી બનેલી છે. નારનોલમાં પારો ૩.૫ ડિગ્રી સેલ્સિયસ રહ્યો છે. બીજી બાજુ આ બંને રાજ્યોમાં પણ ધુમ્મસની ચાદર ફેલાઈ ગઈ છે. રાજસ્થાન, હરિયાણા, પંજાબ, ઉત્તરપ્રદેશ સહિતના વિસ્તારોમાં ધુમ્મસ અને ઠંડીના પરિણામ સ્વરુપે વિમાની સેવા, રેલ સેવા અને માર્ગ સેવા ખોરવાઈ ગઈ છે.



લંડનના રહેવાસી ૬૬ વર્ષીય સ્ટીવ ફોરમેન ૪ વર્ષ પહેલાં ઈથોપિયામાં સિક્યોરિટી એડવાઈઝર તરીકે સેવારત હતા. એક દિવસ તેમને હાર્ટ એટેક અને કાર્ડિયાક એરેસ્ટ આવ્યો હતો. ૧૫ મિનિટ સુધી સ્ટીવના શ્વાસ રોકાઈ ગયા હતા, પરંતુ તેમને બચાવી લેવામાં આવ્યા હતા. મોતને તાળી આપીને પરત ફરેલા સ્ટીવના જણાવ્યા પ્રમાણે, 'ઈથોપિયાના રણમાં કાર્ડિએક એરેસ્ટ બાદ જ્યારે મારી આંખો ઊઘડી ત્યારે હું કેન્યાની રાજધાની નાઈરોબીની એક હોસ્પિટલમાં પથારી પર હતો. કાર્ડિયાક એરેસ્ટ અને હાર્ટ એટેકને લીધે ઓક્સિજનની કમીને કારણે મારા શરીરનાં મહત્ત્વપૂર્ણ ઓર્ગન, કિડની-લીવર ફેલ થઇ રહ્યાં હતાં. મારાં ફેફસાંમા લોહી ભરાઇ ગયું હતું. પેટનો ૭૦ ટકા હિસ્સો લોહીથી ભરાઇ ગયો હતો. ઘણા મહિના સુધી મને લાઇફ સપોર્ટ સિસ્ટમ પર રખાયો હતો.' સ્ટીવે વધુમાં જણાવ્યું હતું કે,'મારી આવી દયનીય દશા જોઇને ડૉક્ટરોએ પણ મારા બચવાની આશા છોડી દીધી હતી. ગળામાં નળી નાખેલી હોવાને કારણે હું બોલી પણ નહોતો શકતો. પણ સમજી બધું જ શકતો હતો. હું પત્ની, સંતાનો વિશે વિચારીને ખૂબ જ હેરાન-પરેશાન થઇ ગયો હતો અને ત્યારે જ મેં નક્કી કર્યું કે હું આ રીતે હારી ન શકું. કાર્ડિયાક રિહેબના વર્ગોમાં જોયું કે ઘણા લોકો તો મારા કરતાં પણ વધારે ખરાબ સ્થિતિમાં છે. તેમને જોઇને મારી અંદર આશા જાગ્રત થઇ હતી. મેં ધીમે-ધીમે ચાલવાનું શરૂ કર્યુ હતું. પછી માઉન્ટેન બાઇક ચલાવી હતી અને હવે હું બોડી બિલ્ડર છું. રોજ ૪ કલાક સુધી કસરત કરું છું અને લોકોને પણ જાગ્રત કરી રહ્યો છું.'

# ક્યાં કેટલું તાપમાન.....

**નવીદિલ્હી, તા. ૬**

**ઉત્તર ભારતની સાથે સાથે દેશભરમાં કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. જોરદાર હિમવર્ષા અને કોલ્ડવેવના કારણે ઉત્તરભારત ઠંડુગાર થઇ ગયું છે. હિમવર્ષા અને કાતિલ ઠંડી વચ્ચે માતા વૈષ્ણોદેવી મંદિર માટે હેલિકોપ્ટર સેવાને બંધ કરવાની ફરજ પડી છે. દેશમાં ક્યાં કેટલું તાપમાન રહ્યું તે નીચે મુજબ છે.**

| સ્થળ | તાપમાન |
|---|---|
| કારગિલ | માઈનસ ૧૮.૬ |
| લેહ | માઈનસ ૧૦.૩ |
| ગુલમર્ગ | માઈનસ ૯ |
| પહેલગામ | માઈનસ ૭.૯ |
| શ્રીનગર | માઈનસ ૧.૨ |
| કટરા | માઈનસ ૯.૨ |
| બનિહાલ | માઈનસ ૦.૫ |
| ભદરવા | ૧.૩ |
| નારનોલ | ૩.૫ |
| કેલાંગ | માઈનસ ૭ |
| અમૃતસર | માઈનસ ૪-૫ |
| જમ્મુ શહેર | ૭.૪ |
| બટોટે | માઈનસ ૦.૮ |

# ક્રૂડ ઓઈલ કિંમત વધશે તો અર્થતંત્ર સામે અનેક પડકારો

એજન્સી દ્વારા
મુંબઈ, તા. ૬

ક્રૂડ ઓઈલની કિંમતમાં એકાએક તેજી આવવાના લીધે દેશની આર્થિક સ્થિતિને માઠી અસર થવાના સંકેત દેખાઈ રહ્યા છે. ભારતીય રિઝર્વ બેંકના એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે, જો ક્રૂડ ઓઇલની કિંમતમાં તેજી આવશે તો આનાથી વર્તમાન ખાતાકીય ખાધ વધી શકે છે. ફુગાવો અને રાજકોષીય ઘટાડો અથવા તો ફિસ્કલ ડેફિસિટના આંકડાને અસર થઇ શકે છે. અભ્યાસમાં કહેવામાં આવ્યું છે કે, ભારત ક્રૂડ ઓઇલની આયાત પર મોટાભાગે આધારિત રહે છે. તે પોતાની જરૂરિયાત પૈકી ૮૦ ટકાથી વધુ ક્રૂડની આયાત કરે છે. આવી સ્થિતિમાં વૈશ્વિક સ્તર પર ક્રૂડની કિંમતમાં તેજીથી ભારતીય અર્થવ્યવસ્થાને ફટકો પડી શકે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ક્રૂડ ઉપરાંત અન્ય કેટલાક પરિબળો પણ એવા છે જેની અસર ભારતીય અર્થવ્યવસ્થા પર થશે. એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૧૮ના ગાળા દરમિયાન આંતરરાષ્ટ્રીય સ્તર પર ક્રૂડની કિંમતમાં ૧૨ ટકાનો વધારો થયો છે. વર્ષના મધ્યમાં ક્રૂડની કિંમતોમાં વધારો થતાં માંગ પણ વધી રહી છે. વૈશ્વિક વૃદ્ધિ દરમાં વધારો થઇ રહ્યો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, નવેમ્બર ૨૦૧૮ના મધ્યથી ક્રૂડ ઓઇલની કિંમતમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. જો કે, ઉતારચઢાવની સ્થિતિ અકબંધ રહી છે. કેન્દ્રિય બેંકોના અર્થશાસ્ત્રીઓના રિપોર્ટમાં ક્રૂડ ઓઇલની કિંમત, ફુગાવાની સ્થિતિ અને વૈશ્વિક બજારની સ્થિતિને લઇને વાત કરવામાં આવી છે. ક્રૂડના ફટકાથી જીડીપીને અસર થઇ શકે છે. સૌથી ખરાબ સ્થિતિમાં જ્યારે ક્રૂડની કિંમત ૮૫ ડોલર પ્રતિબેરલ પહોંચે છે ત્યારે થાય છે. જો આવું થશે તો ક્રૂડના કારણે રાજકોષીય ખાધ અથવા ફિસ્કલ ડેફિસિટનો આંકડો ૧૦૬.૪ અબજ ડોલર સુધી પહોંચી શકે છે જે જીડીપીના ૩.૬૧ ટકા સુધી રહેશે.

ત્રિમાસિક ગાળાના પરિણામો, રોકાણ, રૂપિયા પર નજર રહેશે

# હાલ વૈશ્વિક બજારોના વલણ વચ્ચે શેરબજારમાં પ્રવાહી સ્થિતિની વકી

## ઔદ્યોગિક ઉત્પાદનના નવેમ્બરના આંકડા ૧૧મી જાન્યુઆરીએ જારી કરાશે અમેરિકા અને ચીન વચ્ચે યોજાનારી બેઠક પર પણ કોર્પોરેટ જગતની નજર

એજન્સી દ્વારા
મુંબઈ, તા. ૬

શેરબજારમાં આવતીકાલથી શરૂ થતાં નવા કારોબારી સેશનમાં છ મુખ્ય પરિબળોની અસર જોવા મળી શકે છે. જેમાં આર્થિક આંકડા, મુખ્ય કંપનીઓના ચાલુ નાણાંકીય વર્ષના ત્રીજા ત્રિમાસિક ગાળાના પરિણામ, વૈશ્વિક બજારોનું વલણ, એફપીઆઈ, ડીઆઈઆઈના રોકાણ, ડોલર સામે રૂપિયાની ચાલ અને ક્રૂડની કિંમતોને લઇને બજારની દિશા નક્કી થશે. આગામી સપ્તાહમાં મહાકાય કંપનીઓ દ્વારા ત્રિમાસિક ગાળાના પરિણામ જાહેર કરવામાં આવનાર છે જેમાં આઈટીની દિગ્ગજ કંપની ટીસીએસનો સમાવેશ થાય છે. ટીસીએસ ડિસેમ્બર ત્રિમાસિક ગાળાના પરિણામ ૧૦મી જાન્યુઆરીના દિવસે જાહેર કરશે. બીજી આઈટીની દિગ્ગજ કંપની ઈન્ફોસીસ પણ શુક્રવારના દિવસે ત્રિમાસિક ગાળાના પરિણામ જાહેર કરશે. અન્ય કંપનીઓમાં ટાટા એલેક્ષી ૮મી જાન્યુઆરીના દિવસે પરિણામ જાહેર કરશે. બજાજ કોર્પ, ઈન્ડસઈન્ડ બેંક ગુરુવારના દિવસે પરિણામ જાહેર કરશે. કર્ણાટક બેંક અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રી ૧૧મી જાન્યુઆરીના દિવસે પરિણામ જાહેર કરનાર છે. આર્થિક મોરચા ઉપર વાત કરવામાં આવે તો દેશના ઔદ્યોગિક ઉત્પાદનમાં નવેમ્બરના આંકડા ૧૧મી જાન્યુઆરીના દિવસે જારી કરાશે. દેશમાં ઔદ્યોગિક ઉત્પાદન ઓક્ટોબર ૨૦૧૮માં ૮.૧ ટકા વધી ગયો હતો જે ગયા વર્ષે આ મહિનામાં ૪.૫ ટકા હતો. વૈશ્વિક મોરચા પર ચીન અને અમેરિકા વચ્ચે બેજિંગમાં આવતીકાલથી મહત્વની બેઠક મળવા જઈ રહી છે જેના ઉપર રોકાણકારોની નજર રહેશે. અમેરિકામાં બિનકૃષિ વેતનના ડિસેમ્બર ૨૦૧૮ના આંકડા પણ જારી કરવામાં આવનાર છે જેને લઇને પણ ઉત્સુકતા છે. ચીનમાં ફુગાવાના આંકડા ૧૦મી જાન્યુઆરીના દિવસે જારી કરવામાં આવનાર છે. એફપીઆઈએ ૨૦૧૮માં ૮૩૦૦૦ કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા છે. જયારે ૨૦૧૭માં રેકોર્ડ બે લાખ કરોડ રૂપિયા ઠાલવવામાં આવ્યા હતા. જુદા જુદા કારણો આના માટે જવાબદાર રહ્યા છે. અમેરિકામાં વ્યાજદરમાં વધારો પણ અડચણરુપ રહ્યો છે. ૨૦૧૮ પહેલા એફપીઆઈ દ્વારા સતત છ વર્ષમાં ઈક્વિટીમાં ખરીદી કરવામાં આવી હતી.

# સબરીમાલા ગુંચ વચ્ચે હજુ સુધી ૧૦ મહિલાની એન્ટ્રી

એજન્સી દ્વારા
કન્નુર,તા. ૬

સબરીમાલા સ્થિત ભગવાન અયપ્પાના મંદિરમાં મહિલાઓના પ્રવેશને લઇને ફેલાયેલી તંગદિલી સતત વધી રહી છે. કેરળ પોલીસે દાવો કર્યો છે કે, ત્રણ મલેશિયન સહિત ૧૦ મહિલાઓ હજુ સુધી દર્શન કરી ચુકી છે. આને લઈને નારાજગી વધી જવાના સંકેત દેખાઈ રહ્યા છે. પોલીસ તરફથી દાવો કરવામાં આવ્યો છે કે, પહેલી જાન્યુઆરીથી હજુ સુધી મંદિરમાં ૫૦ વર્ષથી ઓછી વયની ચાર મહિલાઓની સૂચના મળી છે પરંતુ આ અહેવાલને સમર્થન મળી રહ્યું નથી. બીજી બાજુ મંદિરમાં પ્રવેશ કરનાર મહિલાઓની સંખ્યા ૧૦ ઉપર પહોંચી ગઈ છે. પોલીસે આ મહિલાઓ અંગે માહિતી પણ એકત્રિત કરી લીધી છે. કોર્ટ દ્વારા પુછવામાં આવવાની સ્થિતિમાં તેમને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવશે. મહિલાઓના પ્રવેશને લઈને હોબાળો



જારી રહ્યો છે. હવે વધુ એક મહિલાનો ફોટો વાયરલ થયો છે. મલેશિયન મહિલાઓને કોઇપણ જગ્યાએ રોકવામાં આવી ન હતી. સબરીમાલા વિવાદ વચ્ચે રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં હિંસાની ઘટનાઓને ધ્યાનમાં લઈને સ્થિતિ વિસ્ફોટક બની ગઈ છે. હિંસાઓને ઘટનાઓને લઈને હજુ સુધી ૩૧૭૮ લોકોની ધરપકડ કરવામાં આવી ચુકી છે અને ધરપકડનો સિલસિલો જારી રહ્યો છે. રાજ્યમાં થયેલી હિંસાને લઈને ૩૭૯૭૯ લોકોની સામે કુલ ૧૨૮૬ કેસ દાખલ કરવામાં આવી ચુક્યા છે. દેખાવકારોએ પોલીસ અને મીડિયાને પણ ટાર્ગેટ બનાવ્યા છે. કેટલાક સંગઠનો દ્વારા બે મહિલાઓના મંદિરમાં પ્રવેશ સામેના વિરોધમાં ગયા ગુરૂવારના દિવસે રાજ્યવ્યાપી બંધની હાકલ કરવામાં આવી હતી.બંધ દરમિયાન કેટલાક વિસ્તારોમાં હિંસા ભડકી ઉઠી હતી. સબરીમાલાને લઈને વણસી ગયેલી સ્થિતિ બાદ સાવચેતીના તમામ પગલા લઇને સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં આવી છે. હજુ સુધીની હિંસામાં ૭૪૫ની ધરપકડ કરવામાં આવી ચુકી છે. હિંસામાં એકનું મોત થયું છે. ૬૨૮ લોકોને અટકાયતી કસ્ટડીમાં લેવામાં આવ્યા છે.

૫૫૯ કેસો નોંધવામાં આવી ચુક્યા છે. ૩૫થી વધુ મકાનો અને ઓફિસોમાં તોડફોડ કરીને આગ ચાંપવામાં આવી હતી. ૧૦૦થી વધારે બસો ઉપર હુમલા કરવામાં આવી ચુક્યા છે. કેરળમાં કેએસઆરટીસીને ૩.૪ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. ૧૦ પત્રકારો પણ હિંસાનો શિકાર થયા છે. મહિલાઓના મંદિરમાં પ્રવેશને લઇને ઠેર ઠેર હિંસાઓ જારી રહી છે. હજુ પણ પોલીસ સામે ઘણા પડકારો રહેલા છે.

ગ્રાહકોને નહી જોવાતી ચેનલો માટે પૈસા ચુકવવા પડશે નહીં

# ટીવી રશિયાને રાહત : પહેલીથી પસંદગીની ચેનલો માટે જ પૈસા

## નવી વ્યવસ્થા હેઠળ કોઇ પેક માટે નાણાં ચુકવવાના બદલે પસંદગીની ચેનલ માટે જ નાણાં ચુકવવાના રહેશે : એક ચેનલ માટે મહત્તમ ૧૯ રૂપિયા રહેશે

એજન્સી દ્વારા
નવીદિલ્હી, તા. ૬

ડિસ અને કેબલ ટીવીના ગ્રાહકોને હવે પસંદગીની ટીવી ચેનલો માટે જ ચુકવણી કરવી પડશે. આના માટેનો તખ્તો ગોઠવાઇ ગયો છે. પહેલી ફેબ્રુઆરીથી ગ્રાહકોને પોતાના પસંદગીના ટીવી ચેનલ માટે નાણાં ચુકવવાના રહેશે. આના માટે ટ્રાઇ દ્વારા તૈયારી કરી લેવામાં આવી છે. મનપસંદ ટીવી ચેનલો માટે જ નાણાં ચુકવવા રહેશે. ડીસ અને કેબલ ટીવીના ગ્રાહકોને અનેક વખત ટીવી ચેનલો માટે પણ ચુકવણી કરવાની ફરજ પડે છે જે ચેનલો તેઓ ક્યારે પણ જોતા નથી. આનુ કારણ એ છે કે, આ ચેનલો એક પૈકના હિસ્સામાં આવે છે પરંતુ હવે પહેલી ફેબ્રુઆરીથી તેમાં ફેરફાર થનાર છે. આ ફેરફારની સમય મર્યાદા પહેલા ૨૯મી ડિસેમ્બર નક્કી કરવામાં આવી હતી પરંતુ કંપનીઓ આમા સફળ રહી ન હતી. હવે ટ્રાઇએ પહેલી ફેબ્રુઆરીના દિવસે આને અમલી કરવાનો નિર્ણય કર્યો છે. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ હવે નવી પ્રાઇઝિંગ અને ચેનલ સિલેક્શન સિસ્ટમ માટે સેટેલાઇટ અને કેબલ ટીવી ઓપરેટર્સને ૩૧મી જાન્યુઆરી સુધીનો સમય આપ્યો છે. નવી સિસ્ટમ હેઠળ ગ્રાહકોને કોઇ પેક માટે રકમ ચુકવવાના બદલે પસંદગીના ચેનલો માટે જ ચુકવણી કરવાની રહેશે. આમા તેમની પાસે પોતાની પસંદગીની ચેનલ પસંદ કરવાનો વિકલ્પ રહેશે. હજુ પણ પેક ઉપર ઓફર તો જારી જ રહેશે પરંતુ ગ્રાહકોને માત્ર પેકમાં આપવામાં આવેલી ચેનલોની ચુકવણી માટે જ ફરજ પડશે નહીં. કાગળો ઉપર તો હજુ પણ ગ્રાહકોની પાસે કોઇ એક ચેનલ પસંદ કરવાનો વિકલ્પ છે પરંતુ સર્વિસ પ્રોવાઈડર્સ ચેનલોના બંડલ ઉપલબ્ધ કરાવે છે. એટલું જ નહીં ટ્રાઈએ ચેનલોની કિંમત પણ નક્કી કરી દીધી છે. કોઇપણ એક ચેનલ માટે ગ્રાહકોને મહત્તમ ૧૯ રૂપિયા જ ચુકવવાના રહેશે. ડિસેમ્બરમાં બ્રોડકાસ્ટિંગ તરફથી ટ્રાઇને સોંપવામાં આવેલા સૂચિત કિંમતોમાં ચેનલોની કિંમત વર્તમાન રેટથી ચારથી પાંચ ગણી ઘટી જાય તેવી શક્યતા છે. હાલમાં પ્રતિ ચેનલની કિંમત ૬૦ રૂપિયાની આસપાસ હોય છે. આવી સ્થિતિમાં ગ્રાહકોને મોટી રાહત મળે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. પહેલી ફેબ્રુઆરીના દિવસથી ચેનલો માટે પસંદગી કરીને નાણાં ચુકવવાના રહેશે. આને લઈને કેબલ ઓપરેટરો અને ડીસ ટીવી સાથે જોડાયેલા લોકોમાં નારાજગીનું મોજુ ફરી વળ્યું છે. ટ્રાઇ માને છે કે, નવી વ્યવસ્થા બ્રોડકાસ્ટરોને વ્યક્તિગત ચેનલોની કિંમત લેવાની ફરજ પાડશે. આમા વધુ પારદર્શકતા આવશે પરંતુ આવું કરીને ચેનલ ડિસ્ટ્રીબ્યુશનમાં ખલેલ રહે તેવી શક્યતા છે. સેટેલાઇટ ટીવી કંપનીઓ દ્વારા હાલ ચેનલ ડિસ્ટ્રીબ્યુશન કરવામાં આવે છે જેમાં તાતા સ્કાય, ડીસ, એરટેલ, કેબલ ટીવી કંપનીઓનો સમાવેશ થાય છે. ટ્રાઇના સેક્રેટરી એસકે ગુપ્તાએ માહિતી આપતા કહ્યું છે કે, સર્વિસ પ્રોવાઇડરોને ચેનલની પસંદગી ઉપર પારદર્શક વિકલ્પોની ઓફર કરવામાં આવશે.

# FPI દ્વારા ૨૦૧૮માં કુલ ૮૩૦૦૦ કરોડ પરત થયા

એજન્સી દ્વારા
મુંબઈ, તા.૬

વર્ષ ૨૦૧૮માં મૂડી માર્કેટમાંથી વિદેશી મૂડીરોકાણકારોએ ૮૩૦૦૦ કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા છે. અગાઉના વર્ષમાં રેકોર્ડ બે લાખ કરોડ રૂપિયા ઠાલવી દીધા બાદ આ નાણા પરત ખેંચવામાં આવ્યા છે. અમેરિકામાં વ્યાજદરમાં વધારો, વૈશ્વિક ક્રૂડ ઓઇલની કિંમતમાં વધારો અને ડોલર સામે રૂપિયામાં ઘટાડાના લીધે આ પ્રકારની સ્થિતિ સર્જાઈ છે. વધુમાં વર્ષ ૨૦૧૯માં રેંજ આધારિત કારોબારના કારણે મૂડી પ્રવાહનો દોર જારી રહી શકે છે. સામાન્ય ચૂંટણી બાદ સ્થિર સરકારની રચનાને લઇને નિશ્ચિત માહોલ, આર્થિક રિકવરીના નક્કર સંકેત સુધી એફપીઆઈ સાવચેતી રાખે તેવી શક્યતા છે. ફોરેન પોર્ટ ફોલિયો ઈન્વેસ્ટર્સ દ્વારા વર્ષ ૨૦૧૮માં ભારતીય બજારમાંથી ૮૩૧૪૬ કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા હતા જેમાં ઈક્વિટીમાંથી ૩૩૫૫૩ કરોડ અને ડેબ્ટ બજારમાંથી ૪૯૫૯૩ કરોડનો સમાવેશ થાય છે. ૨૦૦૨ બાદથી વિદેશી મૂડી રોકાણની દ્રષ્ટિએ ભારતીય મૂડી માર્કેટ માટે આ સૌથી નિરાશાજનક વર્ષ રહ્યું છે. જુદા જુદા કારણો આના માટે જવાબદાર રહ્યા છે. અમેરિકામાં વ્યાજદરમાં વધારો પણ અડચણરુપ રહ્યો છે. ૨૦૧૮ પહેલા એફપીઆઈ દ્વારા સતત છ વર્ષમાં ઈક્વિટીમાં ખરીદી કરવામાં આવી હતી. આ વખતે નાણાં પરત ખેંચવામાં આવ્યા છે. ૨૦૧૧માં ભારતીય શેરબજારમાંથી એફપીઆઈએ નાણાં પરત ખેંચ્યા હતા. તે પહેલા ૨૦૦૮માં પણ વેચવાલીનો માહોલ રહ્યો હતો.

# નિર્મલ મેટ્રો

### તંત્રીની કલમે....

૨૦૧૪ લોકસભાની ચૂંટણીમાં ભાજપે લોકસભાની ૪૨૮ બેઠક પર ઉમેદવારી નોંધાવી હતી. જેમાંથી ભાજપે ૨૮૨ બેઠક પર સફળતા મેળવી હતી. ૨૦૧૯ લોકસભાની ચૂંટણી સમયે ભાજપે ગુમાવેલી ૧૨૩ બેઠકો પરત્વે ધ્યાન કેન્દ્રીત કરવા 'મિશન ૧૨૩' યોજના બનાવી છે.તાજેતરમાં રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢ ખાતે ભાજપે કોંગ્રેસ સામે કારમો પરાજય પામી સરકાર ગુમાવી છે. ફરી આ બેઠકો જીતવી ભાજપ માટે કપરું ચઢાણ સાબિત થઈ શકે છે.તાજેતરમાં મીડિયા એજન્સીએ હાથ ધરેલા સર્વે મુજબ ૨૦૧૪માં ભાજપે ૧૪૬ બેઠકો ગુમાવી હતી. ૫૪ બેઠકો પર ભાજપ બીજા ક્રમે આવી અટકી ગયો હતો. પોલિટિકલ ડેટા એનાલિસીસ કરતા અશોક યુનિવર્સિટીના ત્રિવેદી સેન્ટરે આપેલી માહિતી મુજબ ૨૦૧૪માં ભાજપે ૨૮૨ બેઠક મેળવી અને ૧૪૬ પર પરાજય મેળવ્યો હતો '૧૨૩' નંબર ક્યાંથી આવી રહ્યો છે જે ચકાસતા વિશ્લેષકોના મતે ભાજપે ગુમાવેલી ૧૪૬ બેઠકો પૈકીની અન્ય પક્ષે જીતેલી ૮૨ બેઠકોનો વોટ શેરિંગ રેશિયાની સરખામણીએ ભાજપનો વોટ શેરિંગ રેશિયો માત્ર ૨૦ ટકા ઓછો હોવાનું નોંધવામાં આવ્યું છે. અન્ય ૩૬ બેઠકોમાં પણ વિજેતા પક્ષ અને પરાજીત પક્ષ વચ્ચે ૧૦થી ૨૦ ટકાનો જ તફાવત છે. જે દર્શાવી રહ્યો છે કે ભાજપે ગુમાવેલી બેઠકો પાછી મેળવવા અથાગ પરિશ્રમ કરવો પડશે.ભાજપે ૨૦૧૪માં ગુમાવેલી ૧૪૬ બેઠકો પૈકીની ૧૩૨ બેઠકો પર ભાજપે ૨૦૦૯માં ઉમેદવારી કરી હતી પરંતુ ભાજપ માત્ર ૧૩ બેઠકો મેળવી શક્યું હતું. જે માત્ર ૧૦ ટકાનો સ્ટ્રાઈક રેટ દર્શાવે છે. એનો અર્થ એ કે ૨૦૦૯માં ભાજપે ૧૧૯ બેઠકો ગુમાવી હતી. ૧૦૩ બેઠકો પર વિજેતા પાર્ટી અને ભાજપ વચ્ચે વોટ શેર ૨૦ ટકાથી વધારે હોવાનું નોંધવામાં આવ્યું હતું.મીડિયા એજન્સીએ સર્વેમાં ભાજપે ૨૦૧૪માં ગુમાવેલી લોકસભાની બેઠકો અને વિધાનસભાની બેઠકો વચ્ચેનો તફાવત પણ નોંધ્યો હતો. ૧૪૬ લોકસભાની બેઠક અંતર્ગત ૧૧૯૬ વિધાનસભાના મતક્ષેત્રનો સમાવેશ થાય છે. જેમાં ૨૦૧૪ બાદ ૧૦૩૨ બેઠકો પર વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી જેમાં ભાજપે ૯૦૦ બેઠક પર ઉમેદવારી નોંધાવી હતી. ભાજપ માત્ર ૧૪૬ બેઠક મેળવી શક્યો હતો. અને ૭૫૪ બેઠક ગુમાવી હતી.૨૦૧૪ બાદ ભાજપના પર્ફોમન્સમાં બહુ થોડો તફાવત આવ્યો છે. ભાજપે હજી લાંબો મજલ કાપવાની બાકી રહે છે.૧૯૮૪ની લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસના પર્ફોમન્સ સ્ટ્રાઈક રેટ બાદ ૨૦૧૪માં લોકસભાની ચૂંટણીમાં ભાજપનો એક્સ્ટ્રા ઓર્ડિનરી સ્ટ્રાઈક રેટ છે. ઉપરાંત ઓરિસ્સા, વેસ્ટ બેંગાલ, કેરલા, આંધ્ર પ્રદેશ અને તામિલનાડુ ખાતે ભાજપનું પ્રભુત્વ નહીંવત્ દેખાય છે. આ પાંચે રાજ્યોમાં લોકસભાની ૧૬૪ બેઠકો છે. ૨૦૧૪માં ભાજપે તેમાંથી ૧૦૨ બેઠકો પર ઉમેદવારી કરી હતી. જેમાં માત્ર ૭ બેઠક પર ભાજપ જીત્યું હતું. જ્યારે ૨૦૦૯માં ભાજપ માત્ર ૧ બેઠક જીતી શક્યું હતું. સર્વે મુજબ આ તમામ બેઠકો પર ભાજપે ભારે મહેનત કરવી પડે તેમ છે. સર્વેમાં ૨૦૦૪-૨૦૦૯ની લોકસભા બેઠકનો સમાવેશ કરવામાં આવ્યો નથી.પોલિટિક્સ સર્વે નિષ્ણાંત પ્રોફેસર ગીલના જણાવ્યા મુજબ કર્ણાટક સહિત દક્ષિણમાં ભાજપ માર્જિનલ પ્લેયર સાબિત થઈ શકે છે.

# &TV પર લાલ ઈશ્કના આગામી એપિસોડમાં તાન્યા શર્મા ડબલ રોલમાં જોવા મળશે



લાલ ઈશ્કે હાલમાં ટેલિવિઝન ક્ષેત્રમાં સુપરનેચરલ શોની તેજી ચાલી રહી હોવા છતાં તેની રોચક વારતા સાથે દર્શકોને જકડી રાખ્યા છે. લાલ ઈશ્કમાં અલગ અલગ પ્રેમકથાઓ રોમાન્સ અને સુપરનેચલ તત્ત્વો વચ્ચે ઉત્તમ સુમેળ શાધે છે, જે તેને અલગ તારવે છે. આવો જ એક વધુ રસપ્રદ એપિસોડ લોકપ્રિય ટેલિવિઝન અભિનેત્રી તાન્યા શર્માનો આવી રહ્યો છે, જે બે અલગ અલગ જીવનકાળમાં ડબલ રોલ ભજવશે. એક બાજુ તે પોતાના ભૂતકાળમાં આદિવાસી સ્ત્રીની ભૂમિકા ભજવશે, જ્યારે બીજી બાજુ વર્તમાન જીવનમાં આધુનિક સ્ત્રીની ભૂમિકા ભજવશે, જે સંપૂર્ણ અલગ, બોલકણું અને મજેદાર પાત્ર છે.

વારતા આધુનિક યુવતી આકાંક્ષા (તાન્યા શર્મા) ફરતે વીંટળાયેલી છે, જેને ભૂતકાળના જીવનની અમુક યાદો આવતી રહે છે. વારતા આગળ વધે તેમ એવું બહાર આવે છે કે આકાંક્ષા ભૂતકાળમાં ચોક્કસ આદિવાસી જાતિની હતી અને લગ્ન સમયે તેને બહુ જ વિચિત્ર વિધિઓ હેઠળ પસાર થવું પડ્યું હતું. પ્રેમ- ધિક્કારની આ વારતામાં ભૂતકાળ આકાંક્ષાના વર્તમાન જીવનને ખતરામાં કઈ રીતે મૂકે છે તે બતાવવામાં આવ્યું છે. જોકે પ્રેમ એ જીવન અને મૃત્યુની પણ પર છે. તેનો પ્રેમ ભુવન (હરગુણ ગ્રોવર) તેને બચાવવા માટે કૂતરાના સ્વાંગમાં આવી જાય છે.

લાલ ઈશ્કમાં પહેલી વાર ભૂમિકા અને તે પણ ડબલ રોલ વિશે તાન્યા કહે છે, મેં શોમાં ક્યારેય ડબલ રોલ ભજવ્યો નથી. મારે માટે આ પડકારજનક અનુભવ હતો અને અવિસ્મરણીય પણ છે. આદિવાસી સ્ત્રીનું પાત્ર ભજવવું તે રસપ્રદ હોવા સાથે અભિનેત્રી તરીકે મારે માટે રોચક પણ છે. પાત્રમાં ઘણું રોનેસ છે, જે આધુનિક યુવતીની તુલનામાં ભજવવાનું અત્યંત મુશ્કેલ છે. હું એક કોશ્ચ્યુમ માંડ પહેરું ત્યાં બીજા પાત્ર માટે બીજું બદલી કરવું પડે છે, જે બંને લૂક સાવ અલગ છે, જેને લીધે અત્યંત પડકારજનક છે. લાલ ઈશ્કમાં લીધેલી ભૂમિકાથી મને ખુશી છે અને આશા છે કે દર્શકોને આ નવો અવતાર ગમશે.

રોમેન્ટિક પ્રેમકથા અધોરેખિત કરતી સુપરનેચરલ શો વિશે તાન્યા કહે છે, મને ભૂતકાળમાં સપનામાં મોટે ભાગે સુપરનેચરલ અનુભવો થયા છે અને તે હું સમજાવી શકું એમ નથી. આ અનુભવો ખરેખર બિહામણા હતા અને હજુ પણ મારાં રૂવાડાં ઊભાં કરી દે છે, પરંતુ હું માનું છું કે તેમાં સુપરનેચરલ એલીમેન્ટ્સ મોજૂદ છે.

વધુ જાણવા માટે જોતા રહો રોમાન્સની રૂવાડાં ઊભા કરનારી વારતા, સમીર, આકાંક્ષા અને ભુવન વચ્ચે, &TV પર લાલ ઈશ્કમાં, દર શનિવાર અને રવિવાર, રાત્રે ૧૦, ફક્ત &TV પર!

# ફ્યુચર કન્ઝ્યુમર લિ. દ્વારા વર્લ્ડ બ્રેઈલ ડે નિમિત્તે બ્રેઈલ ફ્રેન્ડલી પ્રોડક્ટ્સની રજૂઆત

January ૨૦૧૯: ફ્યુચર કન્ઝ્યુમર લિમિટેડ (એફસીએલ) દ્વારા બ્રેઈલયુક્ત પેકેજિંગ તેમની બોડી વોશ બ્રાન્ડ થિક્સ્કીન માટે રજૂ કરી છે, જેને ઈન્ડિયન મેન્સ બ્લાઈન્ડ ક્રિકેટ ટીમના કમાન અજય કુમાર રેડ્ડીએ વર્લ્ડ બ્રેઈલ ડે નિમિત્તે ખુલ્લી મુકી હતી. સાબુની કિંમતે થિક્સ્કીન એ સમકાલીન બોડી વોશ બ્રાન્ડ છે, જેનો હેતુ ગ્રાહકોને સાબુના સ્થાને બોડી




વોશનો ઉપયોગ કરે એ માટેનો છે. બ્રેઈલ પેકેજિંગની રજૂઆત કંપનીના એફએમસીજી ૨ના વિઝનને આધારિત છે અને સાથે કન્ઝ્યુમર અનુભવ વધારવાની છે.

આ પ્રસંગે ઈનોવેટિવ પેકેજિંગ વિશે ફ્યુચર કન્ઝ્યુમર લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અશની બિયાનીએ કહ્યું હતું, 'એફએમસીજી ૨.૦ કંપની તરીકે, અમે એવી ઈનોવેટિવ પ્રોડક્ટ્સ ઓફર કરીએ છીએ કે જેનાથી અમારા ગ્રાહકોના જીવનમાં વધુ સરળતા આવે. બ્રેઈલ પેકેજિંગ એ અંધજનોને તેમની રોજિંદી પ્રવૃતિઓમાં મદદરૂપ થવા તરફનું એક નાનું એવું કદમ છે. બ્રાન્ડ થિક્સ્કીન ગ્રાહકોને સાબુની કિંમતે બોડીવોશનો ઉપયોગ કરવા પ્રેરે છે. અમે ટૂંક સમયમાં અગાઉ ન જોયેલી એવી ઈનોવેશન પ્રોડક્ટ અને પેકેજિંગમાં લાવીશું અને કન્ઝ્યુમર એક્સિપિરિયન્સને આગામી સ્તરે લઈ જઈશું.'

ફ્યુચર કન્ઝ્યુમર લિમિટેડના હોમ અને પર્સનલ કેરના વડા કેશવ બિયાનીએ કહ્યું હતું, 'ટેકનોલોજીમાં આધુનિકતાથી અમને કોર પ્રોડક્ટમાં પ્રયોગની તક જ નહીં પણ પેકેજિંગમાં પણ કંઈક નવું કરવાની તક મળે છે. બ્રેઈલયુક્ત પ્રોડક્ટ્સ એક ઉદાહરણ છે. આગામી મહિનાઓમાં ગ્રાહકો એવી પ્રોડક્ટ્સ મેળવશે કે જે અત્યારે માર્કેટમાં છે તેનાથી અલગ જોવા મળશે.'

# અમદાવાદ ખાતે 17th Jan થી 28th Jan સુધી યોજાશે અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ

અમદાવાદ, જાન્યુઆરી-૨૦૧૯: વાઈબ્રન્ટ શોપિંગ ફેસ્ટિવલ ઓર્ગેનાઈઝીંગ ફેડરેશન દ્વારા ગુજરાત સરકાર Indextb અને AMC ના સહયોગ થી ૧૭ મી જાન્યુઆરી-૨૦૧૯ થી ૨૮મી જાન્યુઆરી - ૨૦૧૯ સુધી અમદાવાદ ખાતે અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ નુ આયોજન કરવામાં આવી રહ્યુ છે. આ શોપિંગ ફેસ્ટિવલ માં આશરે ૨૫૦૦૦ થી વધુ વેપારીઓ ભાગ લેશે .જે માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાના રહેશે. આ ફેસ્ટિવલ ના ભાગ રૂપે શહેર માં અનેક સ્થળો એ લાઈટિંગ અને ડેકોરેશન કરવામાં આવશે ફેસ્ટિવલ માં ગ્રાહકો ને આકર્ષક ડિસ્કાઉન્ટ ની સાથે સાથે ૧૦ કરોડ ના ઈનામો જીતવાની તક પણ મળશે.




વાઈબ્રન્ટ શોપિંગ ફેસ્ટિવલ ઓર્ગેનાઈઝીંગ ફેડરેશન ના પ્રેસિડેન્ટ જયેન્દ્ર તન્ના એ જણાવ્યું કે "૧૨ દિવસ ચાલનારા આ ફેસ્ટિવલ માં સવારે ૧૦ થી રાત્રી ના ૧૦ વાગ્યા સુધી દર મિનિટે એક ઈનામ અને રાત્રી ના દસ થી બીજા દિવસે સવાર ના દસ સુધી દર કલાકે ૨૦ ઈનામો આપવામાં આવશે. આ ઈનામો માં રોજિંદી ઘરઉપયોગી વસ્તુઓ, ઈલેક્ટ્રોનિક સામાન આપવામાં આવશે આ ઉપરાંત દરરોજ ૩૬ બમ્પર ઈનામ આપવામાં આવશે જેની કિંમત ૧૫ હજાર થી ૨૫ હજાર સુધી ની રહેશે. અમદાવાદ સરદાર પટેલ સ્ટેડિયમ માં મેગા બમ્પર ડ્રો યોજાશે જેમાં ગ્રાહક ને કરોડો ના ઈનામો જીતવાની તક મળશે.

વધુ માં તેમને જણાવ્યું કે " કપડાં, જવેલરી, સ્પા, સલુન, ઓટોમોબાઈલ, રેસ્ટોરેન્ટ, ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ ફોન, કીચન એપ્લાયન્સીસ, ફર્નિચર જેવી અનેક વસ્તુઓ ના ધંધાર્થીઓ આ ફેસ્ટિવલ મા જોડાઈ રહ્યા છે .wwwasfretailer.com થી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરી શકાશે. આ ધંધાર્થી પોતાની દુકાન/શોરૂમ માં જ બેસી ને વેપાર ધંધો કરશે. દરેક દુકાનદારે ૧૯૯૯ રૂપિયા (જીએસટી સાથે) નું રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે અને જે રજીસ્ટ્રેશન કરાવશે તેમને એક પબ્લીસીટી કીટ આપવામાં આવશે. જેમાં અમદાવાદ શોપીંગ ફેસ્ટીવલ ની સ્ટેન્ડી, ટી શર્ટ, કેપ , વિ. હશે. આવા વેપારીઓનુ વેબસાઈટ પર પ્રમોશન પણ કરવામાં આવશે.

વાઈબ્રન્ટ શોપિંગ ફેસ્ટિવલ ઓર્ગેનાઈઝીંગ ફેડરેશન ના સેક્રેટરી અનિલ સંઘવી એ જણાવ્યું કે "આગામી દિવસો માં અમે વેપારીઓ ને જાગૃત કરવા માટે સેટેલાઈટ, બાપુનગર, રિલીફ રોડ, ગાંધી રોડ, મણિનગર ખાતે રોડશો નું આયોજન કરીશું. ૧૭ મી જાન્યુઆરી એ ઓપનિંગ સેરીમની સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાશે.૧૮મી જાન્યુઆરી થી મ્યુઝિકલ પ્રોગ્રામો ,ડાયરો, ૨૬મી જાન્યુઆરી એ કાંકરિયા ખાતે મ્યુઝિકલ કોન્સર્ટ, દરરોજ સવારે યોગા, મેડિટેશન, લાફિંગ થેરાપી, એરોબિક, ઝુમ્બા જેવા કાર્યક્રમો નુ આયોજન પણ કરવામા આવ્યુ છે આ ઉપરાંત રિવરફ્રન્ટ પર ફલી માર્કેટ, વુમન એન્ટ. માર્કેટ, ફૂડ માર્કેટ, લાઈવ ઓર્કેસ્ટ્રા, સ્ટેન્ડિંગ કોમેડી, લાઈવ બેન્ડ, નોલેજ સિરીઝ, (જાણીતા વકતાઓ દ્વારા જુદા જુદા વિષયો પર સંબોધન), ગુજરાતી ફિલ્મ ફેસ્ટિવલ, ગુજરાતી નાટકો, થિયેટર એક્ટિવિટીઝ નું આયોજન પણ કરવામાં આવ્યુ છે .

# કુંભ વેળા ૨૪ એકમોને બંધ રાખવા માટે નિર્ણય

એજન્સી દ્વારા

ગાઝિયાબાદ, તા. ૬

ગંગા નદીને સ્વચ્છ રાખવા અને નદીમાં પ્રદૂષણને રોકવાના હેતુસર ગાઝિયાબાદમાં ૨૪ ઔદ્યોગિક એકમોને કુંભ મેળા દરમિયાન બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. નદીમાં પ્રદૂષિત પાણીના પ્રવાહને રોકવાના હેતુસર આ નિર્ણય કરવામાં આવ્યો છે. આ ઈન્ડસ્ટ્રીય યુનિટોમાં ક્તલખાનાઓ, પેપર મિલ, ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીનો સમાવેશ થાય છે જેની પાસે અસરકારક ટ્રિટમેન્ટ પ્લાન્ટ નથી તેમને બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ગાઝિયાબાદ જિલ્લા મેજિસ્ટ્રેટ રિતુ મહેશ્વરી દ્વારા આ અંગેનો આદેશ જારી કરવામાં આવ્યો છે. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને સંબંધિત વિભાગોને સરકારના આદેશને અમલી કરવા માટે ખાસ શબ્દોમાં સૂચના આપવામાં આવી છે. કુંભ મેળાને લઈને તમામ તૈયારીઓ યુદ્ધનાધોરણે ચાલી રહી છે. બંધ રાખવાના આદેશો તરત અમલી કરી દેવામાં આવ્યા છે. ચોથી માર્ચના દિવસે કુંભ મેળાની પૂર્ણાહુતિ સુધી આદેશો અમલી રહેશે.

## સુરક્ષાના કારણોસર રેલવેનો નિર્ણય

# એરપોર્ટની જેમ સ્ટેશન પર ૨૦ મિનિટો પૂર્વે જવું પડશે

## રેલવે યાત્રીઓની ચકાસણી પ્રક્રિયા વધુ ફુલપ્રુફ બનાવાશે

એજન્સી દ્વારા

નવીદિલ્હી, તા. ૬

રેલવેએ સુરક્ષા વ્યવસ્થાને મજબૂત કરવાના હેતુસર વિમાની મથકોની જેમ જ હવે રેલવે સ્ટેશનો ઉપર મજબૂત સુરક્ષા રાખવાનો નિર્ણય કર્યો છે જેના ભાગરુપે એરપોર્ટની જેમજ રેલવે સ્ટેશનો ઉપર પણ ૨૦ મિનિટ પહેલા પહોંચવાનું રહેશે. સુરક્ષા માટે રેલવેએ આ અંગેનો નિર્ણય કર્યોછે. સુરક્ષા ચેકિંગની પ્રક્રિયા સરળતાથી કરવામાં આવી શકે તે માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે. હાઈએન્ડ ટેકનોલોજીની સાથે આ વ્યવસ્થા હાલમાં અલ્હાબાદ રેલવે સ્ટેશન ઉપર શરૂ કરવામાં આવી છે જ્યાં કુંભના પ્રસંગે મોટી સંખ્યામાં યાત્રીઓ પહોંચનાર છે. કુંભની શરૂઆત આ મહિનામાં જ થઈ રહી છે. કર્ણાટકના હુબલી રેલવે સ્ટેશન ઉપર આ વ્યવસ્થા અમલી કરવામાં આવનાર છે. આ બંને સ્ટેશનો ઉપર પાયલોટ પ્રોજેક્ટ તરીકે આ વ્યવસ્થા શરૂ કરવામાં આવી રહી છે. ત્યારબાદ દેશના ૨૦૨ સ્ટેશનો ઉપર આની શરૂઆત કરાશે. રેલવે પ્રોટેક્શન ફોર્સના ડીજીપી જનરલ અરુણ કુમારે આ અંગેની માહિતી આપી છે. આ હેઠળ રેલવેએ સ્ટેશનોને સીલ કરવાની તૈયારી કરી છે. સૌથી પહેલા સ્ટેશનો ઉપર ઓપનિંગ પોઈન્ટ ઉપર તપાસ કરવામાં આવશે ત્યારબાદ કોને બંધ કરવામાં આવે તે અંગે નિર્ણય લેવામાં આવશે. કેટલાક વિસ્તારોને સ્થાયી દિવાલના માધ્યમથી બંધ કરવામાં આવશે. કેટલાક ઓપનિંગ પોઈન્ટની નજર રેલવે પ્રોટેક્શન ફોર્સને આપવામાં આવનાર છે. કેટલીક જગ્યાઓએ અસ્થાયી દરવાજા મુકવામાં આવશે. અરુણ કુમારે કહ્યું છે કે, દરેક એન્ટ્રી પોઈન્ટ ઉપર રેન્ડમ સિક્યુરિટી ચેક થશે. વિમાની મથકની જેમ જ યાત્રીઓને કલાકો પહેલા આવવાની જરૂર પડશે નહીં પરંતુ ૧૫થી ૨૦ મિનિટ પહેલા આવવાની જરૂર પડશે. સિક્યુરિટી ચેકના પરિણામ સ્વરુપે ટ્રેન છુટી ન જાય તે માટે પણ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. કુમારે કહ્યું હતું કે, સુરક્ષા વ્યવસ્થામાં વધારો કરવામાં આવી રહ્યો છે. જો કે, આના માટે સુરક્ષા કર્મીઓની સંખ્યામાં કોઈ વધારો કરવામાં આવી રહ્યો નથી. જો અમે ટેકનોલોજીમાં નિવેશ કરીશું તો તેમાં સુધાર કરીને મેઈન પાવર વધારવાની જરૂર રહેશે નહીં. ૨૦૧૬માં રેલવે તરફથી મંજુર કરવામાં આવેલા ઈન્ટીગ્રેટેડ સિક્યુરિટી સિસ્ટમ હેઠળ આ પગલા લેવામાં આવી રહ્યા છે જેના ભાગરુપે દેશભરના ૨૦૨ મહત્વના સ્ટેશન પર સુરક્ષા મજબૂત કરવામાં આવનાર છે.

## આઈ પી ઓ એનાલીસીસ - દિલીપ દાવડા

# કેપીઆઈ ગ્લોબલ ઈન્ફ્રા બીએસઈ એસ એમ ઈ આઈ પી ઓ પૃથ્થકરણ (લાંબા ગાળા માટે રોકાણ કરો)

સૌજન્ય : https://www.chittorgarh.com/

- **પ્રથમ આઈ પી ઓ ના મુખ્ય બોર્ડમાં સ્થાનાંતરણ પછી કેપી જૂથ બીજા એસએમઈ આઈપીઓ સાથે બહાર આવી રહ્યું છે.**
- **કેપીઆઈજીમાં કામગીરીના બે વર્ટિકલ છે, એટલે કે આઈપીપી અને સીપીપી.**
- **ઓ કંપની ત્રીજા પક્ષના પીપીએ પાસેથી યુનિટ દીઠ રૂ૬.૫૮ ચાર્જ લઈ શકે છે.**
- **દરખાસ્તિત ૨૫ એમડબ્લ્યુ પ્રોજેક્ટ જુલાઈ ૨૦૧૯ સુધીમાં સંપૂર્ણ રૂપે સ્ટ્રીમ પર રહેશે.**

**કંપની વિશેઃ**

કેપીઆઈ ગ્લોબલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિ. (કેપીઆઈજી) કેપી ગ્રૂપની કંપની છે, જે તેના "સોલારિઝમ" ઉદ્યાનમાં સોલાર પાવર જનરેશન વર્ટિકલ્સ સાથે સંકળાયેલી છે.ફેબ્રુઆરી ૨૦૧૬ માં કેપ એનર્જી જૂથની પ્રથમ કંપની, એસએમઈ આઈપીઓ સાથે આવી હતી, તે ઑક્ટોબર ૨૦૧૮ માં મુખ્ય બોર્ડમાં સ્થાનાંતરિત થઈ ગઈ છે અને આ સમયગાળા દરમિયાન બે બોનસ ઈશ્યૂ સાથે રોકાણકારોને ઉદારતાથી વળતર મળેલ છે. કેપીઆઈજી બે વર્ટિકલ્સ હેઠળ કામ કરે છે જેમ કે આઈપીપી (સ્વતંત્ર પાવર ઉત્પાદક) અને સીપીપી (કેપ્ટિવ પાવર ઉત્પાદક). તે માલિકીની જમીન તેમજ સૌર પ્રોજેક્ટ્સના એએમસીના ભાડાપટ્ટામાંથી પણ આવક ઉત્પન્ન કરે છે. આઈ પી પી વર્ટિકલ હેઠળ તે પ્રોજેક્ટ ધરાવે છે અને થર્ડ પાર્ટી પીપીએ સાથે પાવર સપ્લાય ચાર્જમાંથી આવક ઉત્પન્ન કરે છે. સી.પી.પી. હેઠળ હોવા છતાં તે પાવર પ્લાન્ટ એકમોને કેપ્ટિવ ગ્રાહકોને વેચવાથી આવક અને જમીન અને એએમસી કરાર માટે ભાડાપટ્ટો બનાવે છે.

તેની પાસે સોલારિઝમ પાર્ક, ભરૂચ ખાતે તેના સૌર પાવર પ્રોજેક્ટ માટે ૨૦૮.૪૨ એકર જમીન છે. તેની કામગીરી માટે ૧૫ એમડબ્લ્યુના યુનિટ ૧ (૫૭.૮૧ એકર) સાથે તે મફતલાલ ઈન્ડસ્ટ્રીઝ, મેઘમની ઓર્ગેનિક્સ, બેસ્ટ પેપર મિલ્સ જેવી કંપનીઓ સાથે પીપીએમાં પ્રવેશી છે. ૧૫ મેગાવોટના પ્રથમ એકમથી સાબિત ટ્રેક રેકોર્ડ સ્થાપિત કર્યા પછી, હવે તે ૨૫ મેગાવોટની ક્ષમતાઓ સાથેના બીજા એકમ માટે જઈ રહેલ છે. સૂચિત ૨૫ એમડબલ્યુ યુનિટ ૨ (૯૬.૮૭ એકર) માટેનો મૂડી ખર્ચ (કેપેક્ષ) રૂ. ૧૩૨.૦૪ કરોડ છે, જે માટે તેમને પીએફસીથી પાસેથી રૂ. ૮૬ કરોડ ટર્મ લોન અને બાકીનું રોકાણ આંતરિક ભંડોળ અને આઈપીઓની આવકથી પાર પાડવા માટે આયોજન કરેલ છે. . કંપનીએ લાર્સન એન્ડ ટુબ્રો, યુ.પી.એલ. લિ. જેવા કોર્પોરેટ સાથે ૧૫ વર્ષ સુધી પીપીએ જોડાણ કર્યું છે. એકમ ૨ માટે તે ડિસ્કમ લેવીના ૭% ડિસ્કાઉન્ટ પર પીપીએમાં દાખલ થયો છે. (હાલમાં આ એકમ રૂ. ૬.૫૮ છે) ..

**ઈસ્યુની વિગતો / મૂડીનો ઈતિહાસ**

તેના આગળ વધી રહેલ ૨૫ વૉટ સોલાર પાવર પ્રોજેક્ટ અને સામાન્ય કોર્પસ ફન્ડ માટે અંશતઃ નાણાં એકત્રિત કરવા આ કંપની મેઈડન આઈપીઓ દ્વારા તેનો રૂ. ૧૦ નો એક એવા ૪૯૯૨૦૦૦ ઈકવીટી શેર, રૂ.૮૦ના મુકરર ભાવે ઓફર કરીને રૂ. ૩૯.૯૪ કરોડ એકત્રીત કરવા મૂડી બજારમાં આવેલ છે. જાહેર ભરણા માટે આ ઈસ્યુ તા. ૦૮.૦૧.૨૦૧૯ ના રોજ ખુલશે અને તા. ૧૧.૦૧.૨૦૧૮ના રોજ બંધ થશે. ઓછામાં ઓછી અરજી ૧૬૦૦ શેર માટે અને તે પછી તેના ગુણાંકમાં કરવાની રહેશે. ફાળવણી પછી તેમના શેર બી એસ ઈ એસ એમ ઈ પર લીસ્ટ થશે. આ ઈસ્યુ તેમની ભરપાઈ થયેલમૂડીના ૨૭.૬૩ ટકા હિસ્સો આપશે.

આ ઈસ્યુના લીડ મેનેજર વિવરો ફાઈનાન્સિઅલ સર્વિસીસ પ્રા. લી છે, જ્યારે બીગશેર સર્વિસીસ પ્રા. લી. તેમના રજીસ્ટ્રાર છે. આ ઈસ્યુ પછી પ્રમોટર હોલ્ડીંગ ૬૦.૯% થશે.

શરૂઆતમાં ભાવોભાવ શેર આપ્યા પછી, તેમણે બીજા ઈક્વીટી જાન્યુઆરી ૨૦૧૮ થી માર્ચ ૨૦૧૮માં શેર દીઠ રૂ. ૪૦ થી રૂ. ૧૪૦ ની રેન્જમાં આપેલ હતા, અને સપ્ટેમ્બર ૨૦૧૮ માં શેર દીઠ રૂ. ૭૦ ના ભાવે આપેલ હતા. આ ઉપરાંત તેમણે માર્ચ ૨૦૧૮ માં ૧ શેર માટે ૧ શેર બોનસ આપેલ હતો. પ્રમોટરો દ્વારા સંપાદિત શેરની સરેરાશ કિંમત શેર દીઠ રૂ. ૧૪.૮૫ છે. આ કંપનીની હાલની ભરપાઈ થયેલ મૂડી જે રૂ. ૧૩.૦૮ કરોડ છે તે આ ઈસ્યુ પછી રૂ. ૧૮.૦૭ કરોડ થશે.

**આર્થિક દેખાવ**

આર્થિક દેખાવની વાત કરીએ તો, છેલ્લા ચાર વર્ષમાં આ કંપનીએ નોંધાવેલ ટર્નઓવર/ચોખ્ખો નફો અનુક્રમે રૂ. ૨૭.૫૧ કરોડ / રૂ. ૭.૬૮ કરોડ (એફવાય ૧૬), રૂ. ૨૬.૦૩ કરોડ / રૂ. ૮.૧૨ કરોડ (એફવાય ૧૭) અને રૂ. ૩૧.૫૮ કરોડ / રૂ. ૧૧.૪૧ કરોડ (એફવાય ૧૮) નોંધાવેલ છે. ના. વ. ૧૯ ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં તેણે રૂ. ૧૮.૨૧ કરોડના ટર્નઓવર પર રૂ. ૩.૮૭ કરોડ નફો કરેલ છે. આ રીતે જોઈએ તો ચોખ્ખી ગણતરી મુજબ પૂર્વાર્ધ ઘણો નીચો છે.અવમૂલ્યનની સીધી રેખા પદ્ધતિને લીધે, મેનેજમેન્ટના જણાવ્યા મુજબ તેમાં વિવિધ તફાવતો કર જોગવાઈઓના કારણે છે, પૂર્વર્ધમાં સૂર્યપ્રકાશના નીચલા કિરણોત્સર્ગને લીધે આડઅસર થાય છે. તે ઉત્તરાર્ધમાં મહત્તમ રેડિયેશન મેળવે છે અને આમ આ સમયગાળામાં મુખ્ય નફો આવે છે. તેનો સોલરિઝમ પાર્ક ઠંડી વાતાવરણ ધરાવતી ઉચ્ચ રેડિયેશન સ્થાન પર આવેલું છે.

છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં તેમણે સરેરાશ શેર દીઠ આવક રૂ. ૮.૬૯ અને સરેરાશ આર ઓ એન ડબલ્યુ ૨૮.૦૫% દર્શાવેલ છે.

તા. ૩૦.૬.૧૮ના એનએ વી રૂ. ૪૭.૦૨ના આધારે આ ઈસ્યુનો ભાવ ૧.૭૦ના પી/બીવીથી આવે છે અને ઈસ્યુની ફાળવણી પછીની એન એ વી રૂ. ૫૬.૧૪ના આધારે ૧.૪૩ ના પી/બીવી થી આવે છે, જ્યારે નાણાકીય વર્ષ ૧૮ ની કામગીરીના આધારે માગવામાં આવેલ ભાવ ૧૨.૭ના પી/ઈ રેશિયો આસપાસ આવે છે.

જો આપણે તેની છેલ્લી કમાણીનું વાર્ષિકીકરણ કરીએ અને આ ઈસ્યુના પછીના તમામ શેરના આધારે વહેંચીએ તો પણ માગવામાં આવેલ ભાવ ૧૮.૭ ના પી/ઈ રેશિયોની આસપાસ આવે છે, સંચાલકોને વિશ્વાસ છે કે છેલ્લા ત્રણ નાણાકીય વર્ષના પુરવાર થયેલ ટ્રેક રેકર્ડ મુજબ તેઓ વિકાસની ગતિ જાળવી શકશે.

**ત્રીજા પક્ષના પીપીએ હોવા છતાં, તેને યુનિટ ૨ માટે પીએફસી દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવ્યું છે અને આ સંભવિત રૂપે પહેલીવાર થઈ રહ્યું છે**

**લીસ્ટેડ પીઅર્સ સાથે સરખામણી**

ઓફર દસ્તાવેજો મુજબ, તેમની સાથે સરખાવી શકાય તેવી કોઈ લીસ્ટેડ કંપની નથી.

**મર્ચંટ બેન્કરનો ટ્રેક રેકર્ડ**

ભૂતકાળમાં વિવ્રો૧ મુખ્ય બોર્ડ અને ૧ એસએમઈ આઈપીઓ લાવ્યા હતા જે યાદીના દિવસે ૨૦% થી ૫૯.૬% સુધીના પ્રીમિયમથી ખુલેલ હતો.

**નિષ્કર્ષ / ઈન્વેસ્ટમેંટ સ્ટ્રેટેજી**

કેપ એનર્જીના જૂથની પ્રથમ કંપની મુખ્ય બોર્ડમાં સ્થાનાંતરિત થઈ અને રોકાણકારોને ઉદારતાથી વળતર મળ્યું. આ કંપનીમાં ધંધાનું મોડેલ અલગ છે અને તેઓ આઈપીપી અને સીપીપી વર્ટિકલ્સ સાથે સોલર પાવર પેઢીમાં વિશિષ્ટ ખેલાડી છે. ત્રીજા પક્ષના પીપીએ હોવા છતાં, તેને યુનિટ ૨ માટે પીએફસી દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવ્યું છે અને આ સંભવિત રૂપે પહેલીવાર થઈ રહ્યું છે (જેમ કે મેનેજમેંટ દ્વારા દાવો કરેલ). જુલાઈ ૨૦૧૯ સુધીમાં વર્તમાન પ્રોજેક્ટની શરૂઆત સાથે મેનેજમેન્ટ તેના વિકાસની પેટર્નને જાળવી રાખવાનો વિશ્વાસ ધરાવે છે. આ પાસાંને ધ્યાનમાં રાખીને, રોકાણકારો લાંબા ગાળા માટે રોકાણ વિચારી શકે છે.

DISCLAIMER: No financial information whatsoever published anywhere here should be construed as an offer to buy or sell securities, or as advice to do so in any way whatsoever. All matter published here is purely for educational and information purposes only and under no circumstances should be used for making investment decisions. Readers must consult a qualified financial advisor prior to making any actual investment decisions, based on information published here. With entry barriers, SEBI wants only well informed investors to participate is such offers. With crazy recent listings, SME IPOs have started drawing attention of investors across the board. However, as SME issues have entry barriers and continued low preference from broking community, any reader taking decisions based on any information published here does so entirely at own risk. Above information is based on information available as on date coupled with market perceptions. Author has no plans to invest in this offer.

**મહિન્દ્ર એન્ડ મહિન્દ્રા ફાઈનાન્સની એન સી ડી ઓફર તા.૪.૧.૧૯ના રોજ ખુલી ગયેલ છે અને તે તા. ૨૫.૧.૨૦૧૯ ના રોજ બંધ થશે. ઓછામાં ઓછી અરજી ૧૦ એન સી ડી માટે એટલે કે રૂ. ૧૦૦૦૦ અને પછી ૧ એન ડી સી એટલે કે રૂ. ૧૦૦૦ના ગુણાંકમાં કરવાની રહેશે.**

**શ્રી દિલીપ દાવડાના પૃથ્થકરણ મુજબ આ ઈસ્યુમાં લાંબા ગાળા માટે રોકાણ કરી શકાય.**

**શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સની એન સી ડી ઓફર તા.૭.૧.૧૯ના રોજ ખુલશે અને તે તા. ૩૧.૧.૨૦૧૯ ના રોજ બંધ થશે. ઓછામાં ઓછી અરજી ૧૦ એન સી ડી માટે એટલે કે રૂ. ૧૦૦૦૦ અને પછી ૧ એન ડી સી એટલે કે રૂ. ૧૦૦૦ના ગુણાંકમાં કરવાની રહેશે.**

**શ્રી દિલીપ દાવડાના પૃથ્થકરણ મુજબ આ ઈસ્યુમાં લાંબા ગાળા માટે રોકાણ કરી શકાય.**

**જગ્યાના અભાવે આ અંગે પુરી વિગત આપી શકાય તેમ નથી. વધુ માટે www.theeconomicrevolution.in ની મુલાકાત લો.**

Printed, Published and Owned by Shri Narendra G.Joshi and Printed at Bhoomi Offset Bhatiya vadi, Opp. Kalupur Rly. Station, Kalupur, Ahmedabad-380002 and published from H-115/991, Nirmal Appartments, Naranpura, AHMEDABAD-380063. Editor- Mr. NARENDRA G. JOSHI. PH :-079- 27451449, (M) 9825065387
RNI NO. GUJGUJ/2012/48123

ક્રાઇમબ્રાંચ ડીવાયએસપી સુધી પહોંચી શકી નથી

# DYSP પટેલની કોઇપણ સમયે ધરપકડના ભણકારા

## પીએસઆઇ દેવેન્દ્રસિંહ આપઘાતના ચકચારભર્યા કેસમાં કરાઇ એકેડેમીમાં પહોંચી નિવેદન લેવાયા : ઉંડી ચકાસણી

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા.૬

પીએસઆઇ દેવેન્દ્રસિંહ રાઠોડની આત્મહત્યાના ચકચારભર્યા કેસમાં પોતાની વિરૂધ્ધ ગંભીર ફરિયાદ દાખલ થતાંની સાથે જ ડીવાયએસપી એન.પી.પટેલ ધરપકડથી બચવા માટે ભૂગર્ભમાં ઊતરી ગયા છે, ત્યારે બીજીબાજુ, શહેર ક્રાઇમબ્રાંચના અધિકારીઓએ આજે મૃતક પીએસઆઇ રાઠોડે ગાંધીનગર પાસે કરાઇ ખાતે જયાં તાલીમ લઇ રહ્યા હતા ત્યાંના અધિકારીઓ અને કર્મચારીઓના નિવેદનો લેવાની તજવીજ હાથ ધરી હતી. જો કે, ફરિયાદ નોંધાયાને બે દિવસ વીત્યા બાદ પણ હજુ સુધી આરોપી ડીવાયએસપી એન.પી.પટેલ ક્રાઇમબ્રાંચના હાથ લાગ્યા નથી. જો કે, ક્રાઇમબ્રાંચના અધિકારીઓ ગમે તે ઘડીયે ડીવાયએસપીને સકંજામાં લઇ લેવાશે તેવો દાવો કરી રહી છે. તા.૧ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ ગોલ્ડ મેડલિસ્ટ પીએસઆઇ દેવેન્દ્રસિંહ રાઠોડે કરાઈ એકેડમીના તાલીમાર્થી ઈન્ચાર્જ ડીવાયએસપી એન.પી. પટેલના ત્રાસથી આપધાત કર્યો હતો. આ મામલે શહેર ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ આજે ગાંધીનગર સ્થિત કરાઇ એકેડમી ખાતે પહોંચ્યા હતા અને જરૂરી નિવેદનો અને તપાસની ઔપચારિકતા હાથ ધરી હતી. પોલીસે મૃતક પીએસઆઈના સહકર્મીઓ, લેક્ચરર અને સ્ટાફ મેમ્બર્સના નિવેદન લેવાની પણ તજવીજ હાથ ધરી હતી. ગઇકાલે ક્રાઇમબ્રાંચના અધિકારીઓએ મૃતક પીએસઆઇના નિવાસસ્થાને પહોંચી તેમના પરિવારજનોના સત્તાવાર નિવેદનો નોંધ્યા હતા. તો આ કેસમાં કેટલાક નવા ઘટસ્ફોટ સામે આવ્યા હતા. જે મુજબ, દેવન્દ્રસિંહ અને ડીવાયએસપી એન.પી.પટેલ વચ્ચે યુનિફોર્મ સીવડાવવાને લઇ બબાલ થઇ હતી. ડીવાયએસપી એન.પી.પટેલે પીએસઆઇ દેવેન્દ્રસિંહને નાપાસ કરવાની ધમકી આપી હતી. પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો કે, પાસીંગ આઉટ પરેડમાં દેવેન્દ્રસિંહનું લીસ્ટમાં નામ હતું નહીં, જેથી તેને નાપાસ કરવામાં આવ્યો હતો. દેવેન્દ્રના આપઘાત બાદ તેણે લખેલ આન્સરશીટમાં ચેડાં કરવામાં આવ્યાં હોવાના આક્ષેપ પણ તેમણે કર્યા હતા અને પાછળથી તેને પાસ કરી દેવામાં આવ્યો હતો. આ ગંભીર આક્ષેપોને લઇ પોલીસે હવે તે દિશામાં પણ તપાસ આરંભી છે. તો પોલીસ હજુ આ પ્રકરણના આરોપી ડીવાયએસપી એન.પી.પટેલ સુધી પહોંચી શકી ન હતી. મૃતક પીએસઆઇના પરિવારજનોના નવા આક્ષેપો બાદ ક્રાઇમ બ્રાંચે તેની આન્સરશીટ અને સ્યુસાઇડ નોટને એફએસએલમાં મોકલી આપી છે. જેના રિપોર્ટની પણ રાહ જોવાઇ રહી છે. ઉલ્લેખનીય છે કે, શહેરના આર.સી ટેકનિકલ પાસેના નિર્માણ ટાવર નજીકના રાજયોગ રોહાઉસમાં રહેતા અને કરાઈ એકેડમીમાં ટ્રેનિંગ લઈ રહેલા પીએસઆઈ દેવેન્દ્રસિંહ રાઠોડે ગયા સોમવારે આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી ગઇ હતી. પીએસઆઈએ આત્મહત્યા કરતાં પહેલાં ત્રણ પાનાંની સ્યુસાઇડ નોટ લખી હતી, જેમાં કરાઇ એકેડમીના ડીવાયએસપી એન.પી.પટેલે આપેલા શારીરિક અને માનસિક ત્રાસનો ઉલ્લેખ કર્યો હતો. એટલું જ નહી, ડીવાયએસપી એન.પી. પટેલને નોકરીમાંથી કાયમ માટે બરતરફ કરીને આજીવન કેદ કરવામાં આવે તેમ પીએસઆઇ દેવેન્દ્રસિંહે સ્યુસાઇડ નોટમાં લખ્યું હતું. પરિવારજનોની ઉગ્ર લડત બાદ આખરે પોલીસ કમિશનર અને રાજયના ડીજીપીના નિર્દેશોને પગલે આખરે શહેર ક્રાઇમબ્રાંચને તપાસ સોંપી ડીવાયએસપી એન.પી.પટેલ વિરુદ્ધમાં આત્મહત્યાની દુષ્પ્રેરણાનો તેમજ સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરવા અંગે માંગણી કરવા બદલ ગુનો દાખલ કરાયો હતો. પોતાની વિરૂધ્ધ ફરિયાદ દાખલ થતાં ધરપકડથી બચવા ડીવાયએસપી એન.પી.પટેલ ભૂગર્ભમાં ઉતરી ગયા છે, જેમને શોધવા ક્રાઇમબ્રાંચ સંભવિત સ્થાનોએ તપાસ ચલાવી રહી છે પરંતુ હજુ સુધી તેમની કોઇ ભાળ મળી નથી. પોલીસ દાવો કરી રહી છે કે, તેઓ ટૂંક સમયમાં જ ડીવાયએસપીને પકડી લેશે.

ભુજ મહિલા કોન્સ્ટેબલ પ્રેમ પ્રકરણમાં નવો વળાંક

# ભ્રષ્ટાચારી ડીવાયએસપી સામે પગલાં લેવા આવેદનપત્ર સુપ્રત

## મહિલા કોન્સ્ટેબલના પરિજનો પાસે ભુજ ડીવાયએસપીએ લાંચ માંગી હતી : ગોપાલક રચનાત્મક સમિતિનો આરોપ

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા. ૬

ભુજ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતી મહિલા કોન્સ્ટેબલ તેના જ સાથી કોન્સ્ટેલબ કર્મચારી સાથે પ્રેમ પ્રકરણમાં નાસી ગયા બાદ આ સમગ્ર પ્રકરણમાં ભુજ ડીવાયએસપી દ્વારા યુવતીને ભગાડી જનાર કોન્સ્ટેબલને છાવરવાના પ્રયાસ અને મહિલા કોન્સ્ટેબલ યુવતીના પરિવારજનો પાસેથી રૂ.પાંચ લાખની લાંચ માંગવાના પ્રકરણનો સમગ્ર મામલો હવે ગરમાયો છે. કારણ કે, ચકચારભર્યા હવે આ પ્રકરણમાં રબારી સમાજની પુત્રી અને તેના પરિવારજનોની પડખે ગોપાલક રચનાત્મક સમિતિ(ગોરસ સમિતિ) ચિત્રમાં આવી છે. ગુજરાત પ્રદેશ ગોરસ સમિતિના પ્રમુખ જીતુ રાયકાની આગેવાની હેઠળ સમાજના આગેવાનો અને હોદ્દેદારોએ ખૂબ મોટી સંખ્યામાં એકત્ર થઇ આ સમગ્ર મામલે રાજયના ડીજીપીને વિગતવાર આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. સાથે સાથે આ કેસમાં ભ્રષ્ટાચારી ડીવાયએસપી જે.એન.પંચાલ વિરૂધ્ધ તાત્કાલિક કાયદાનુસાર પગલાં લેવા અને યુવતીના પરિજનોને પોલીસના ત્રાસમાંથી મુકિત અપાવવા માંગણી કરાઇ હતી. ગુજરાત પ્રદેશ ગોરસ સમિતિ તરફથી જો આ સમગ્ર મામલામાં તાકીદે યોગ્ય કાર્યવાહી નહી થાય તો જિલ્લા-તાલુકા કક્ષાએ આંદોલન છેડી સ્થાનિક સત્તાધીશોને આવેદનપત્ર સુપ્રત કરવા સહિતના કાર્યક્રમોની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી. એટલું જ નહી, સમાજની ભાગી ગયેલી પુત્રને પણ હાજર કરાવવા પણ માંગ કરાઇ હતી. લઇ રાજય પોલીસ તંત્રમાં ભારે ચકચાર મચી છે અને તેના ઘેરા પ્રત્યાઘાત પણ સામે આવ્યા છે. આ સમગ્ર કેસમાં પોતાના કોન્સ્ટેબલ પ્રેમી સાથે ભાગી ગયેલી મહિલા કોન્સ્ટેબલ યુવતીના કાકા સાહરભાઇ વાઘજીભાઇ રબારીએ મુખ્યમંત્રી, ગૃહમંત્રી, ડીજીપી સહિતના સત્તાવાળાઓને ઉદ્દેશીને લખેલી અરજીમાં ચોંકાવનારી હકીકતનો ઉલ્લેખ કર્યો હતો કે, તેમના મોટાભાઇની દિકરી અલકાબહેન અમરતભાઇ દેસાઇ ભુજ મહિલા પોલીસ સ્ટેશનમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે, તે થોડા દિવસો પહેલાં તેમની સાથે સહકર્મચારી નાડોદા ગૌતમ રણછોડભાઇ સાથે નાસી ગઇ હતી અને તેની સાથે લગ્ન કરી લીધા હોવાનું તેમની જાણમાં આવ્યું હતું. જેથી તેઓએ તા.૧-૧૨-૧૮ના રોજ ભુજ ડીવાયએસપી જે.એન.પંચાલને સમગ્ર મામલે જાણ કરી હતી અને પુત્રીનો કબ્જો પાછો અપાવવા વિનંતી કરી હતી. જો કે, ડીવાએસપી પંચાલના વહીવટદાર દ્વારા તા.૨-૧૨-૧૮ના રોજ રાત્રે આઠ વાગ્યે બુજ રીંગરોડ પર આવેલી ખેતલાઆપા હોટલની બાજુમાં હેરીટેજ હોટલ એન્ડ ગેસ્ટહાઉસમાં બોલાવી જો તમારી પુત્રને છોકરાથી અલગ પાડી પાછી જોઇતી હોય તો સાહેબ(ડીવાયએસપી)ને પાંચ લાખ રૂપિયાની માંગણી કરાઇ હતી. લાચાર પરિજનોએ પુત્રીનો કબ્જો મેળવવાની આશામાં રૂ. બે લાખ ચૂકવ્યા હતા અને બાદમાં પુત્રીનો કબ્જો મળ્યેથી રૂ.ત્રણ લાખ આપવાનું નક્કી થયું હતું. પરંતુ કેટલાય દિવસો વીત્યા બાદ પણ પુત્રીનો કબ્જો પરત નહી મળતાં પરિજનોએ પુત્રીને તેના હાલ પર છોડી દેવાનું નક્કી કર્યું હતું. એટલું જ નહી, પરિજનો તરફથી અખબારોમાં પુત્રી તેમના કહ્યામાં નથી અને જતી રહી છે તે મતલબની જાહેરાત પણ આપી દીધી હતી. નિરાશ પરિવારજનોએ બાદમાં ડીવાયએસપીના વહીવટદારને પુત્રીને જયાં રહેવું હોય ત્યાં રહે, હવે અમારે તેને દુઃખી કરવી નથી એમ કહી અગાઉ આપેલા રૂ.બે લાખ પરત માંગ્યા હતા, ત્યારે ડીવાયએસપી જે.એન.પંચાલ અને તેના વહીવટદાર ગુસ્સે થઇ ગયા હતા અને પરિવારજનોને ધમકી આપી હતી કે, હવે પૈસા ના મળે, જો પૈસાની માંગણી કરશો તો, તમારી પુત્રી મારફતે જ જુદી જુદી અરજીઓ કરાવી હેરાન-પરેશાન કરી નાંખીશું. બાદમાં આવી જુદી જુદી અરજીઓ કરાવી પરિવારજનોને હેરાન-પરેશાન કરી ત્રાહિમામ્ પોકારી દેવડાવ્યું છે, ત્યારે અમારી પુત્રી શાંતિથી જીવે અને અમે પરિવારજનો પણ શાંતિથી જીવી શકીએ તે માટે સમગ્ર મામલે ન્યાયિક તપાસ કરાવી પોલીસના ત્રાસ અને અત્યાચારમાંથી મુકિત અપાવવા ગુહાર લગાવી હતી. આ કેસમાં હવે ગોરસ સમિતિએ ઝંપલાવતાં મામલો ગરમાયો છે. ડીજીપીએ પણ હવે સમગ્ર મામલાની ગંભીર નોંધ લીધી છે.

### ઉંધીયા-જલેબીની મોજ વચ્ચે દિવ્યાંગ માટે પતંગ મહોત્સવ

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૬

અમદાવાદ શહેરમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આજથી આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો પ્રાંરભ થયો હતો ત્યારે બીજીબાજુ, શહેરના પાલડી વિસ્તારમાં અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ખાતે આજે ઓમ્કાર ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા દિવ્યાંગ બાળકો માટે આયોજિત અનોખો પતંગ મહોત્સવ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો હતો. જાણીતા ઓમઋષિ સંત શ્રી અને ઓમ્કાર ફાઉન્ડેશન ટ્રસ્ટના સ્થાપક પ્રીતેશભાઇએ દિવ્યાંગ અને મેન્ટલી રિટાર્ડય બાળકોને પ્રોત્સાહન આપવા અને તેઓને રોકડ રકમ સહિતના પ્રોત્સાહક ઈનામો એનાયત કરવા માટે ખાસ હાજરી આપી હતી. દિવ્યાંગ બાળકો માટેના આ અનોખા પતંગ મહોત્સવમાં અમદાવાદ શહેર, તેની આસપાસના વિસ્તારો, વડોદરા, સાણંદ, ધોળકા સહિતના વિસ્તારોમાંથી ૫૦૦થી વધુ દિવ્યાંગ બાળકો તેમના વાલીઓ સાથે ભાગ લેવા આવ્યા હતા.

લાખો વિદ્યાર્થીઓએ ઉત્સાહ સાથે પરીક્ષા આપી

# લોકરક્ષક દળની પરીક્ષા અંતે શાંતિપૂર્ણ માહોલમાં પરિપૂર્ણ

## પેપર સહેજ મુશ્કેલ નીકળ્યું હોવાની તેમજ સમય ખૂટયો હોવાની ઉમેદવારોની ફરિયાદ : પરિણામને લઇ ઉત્સુકતા

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા. ૬

ગુજરાતમાં લોકરક્ષક દળ(લોકરક્ષક દળ)ના પેપર લીક કૌભાંડ બાદ આજે રાજયભરમાં ફરીથી લેવાયેલી લોકરક્ષક દળની પરીક્ષામાં ૭.૧૫ લાખથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. કુલ ઉમેદવાર ૮.૭૬ લાખ ઉમેદવારોને પોલીસ સત્તાધીશો દ્વારા કોલ લેટર ઈશ્યુ કરવામાં આવ્યા હતા. જે પૈકી ૭.૧૫ લાખથી વધુ ઉમેદવારો આજે પરીક્ષામાં બેઠા હતા. લોખંડી સુરક્ષા કવચ અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે અમદાવાદ શહેર સહિત રાજયભરમાં લોકરક્ષક દળની આજની પરીક્ષા એકંદરે શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઇ હતી. જેને પગલે લોકરક્ષક દળ ભરતી બોર્ડ અને ઉચ્ચ પોલીસ સત્તાધીશોએ પણ રાહતનો દમ લીધો હતો. બીજીબાજુ, લોકરક્ષક દળની પરીક્ષાના પેપર સહેજ અઘરું નીકળ્યું હતું અને કેટલાક ઉમેદવારોને પેપર પૂર્ણ કરવા માટે સમય ઓછો પડયો હોવાની વાત પણ સામે આવી હતી. જો કે, ઉમેદવારોએ પરીક્ષા એકંદરે સારી રહી હોવાનું જણાવ્યું હતું. લોકરક્ષક દળની આજની પરીક્ષાના પ્રશ્નપત્રમાં તાર્કિક, કાયદાકિય અને જનરલના નોલેજના પ્રશ્નો પુછાયા હતા. જેમાં સ્ટેચ્યૂ ઓફ યુનિટીની ઊંચાઈ તેમજ ગુજરાતના ડેમ અને અભ્યારણ્યની સાથે સોમનાથ મંદિરના સંદર્ભમાં પણ પ્રશ્ન પુછાયા હતા. સમગ્ર પ્રશ્નપત્રમાં વિદ્યાર્થીઓને ખાસ ટ્રીકથી પ્રશ્ન પુછાતા ઘણા પરીક્ષાર્થીઓ તેમાં ગુચવાયા હોવાનું સામે આવ્યું હતું. પરીક્ષા આપેલા એક ઉમેદવારને પુછતા તેણે જણાવ્યું હતું કે કોન્સ્ટેબલની પરીક્ષામાં આ પ્રકારના પહેલી વખત જોવા મળે છે. જે ટ્રીકથી પ્રશ્ન પુછાયા છે તેના કારણે ઘણા વિદ્યાર્થી પુરા પ્રશ્નનો જવાબ આપી શક્યા ન હતા. પરીક્ષા પૂર્ણ થયા બાદ લોકરક્ષક ભરતી બોર્ડના ચેરમેન વિકાસ સહાયે જણાવ્યું હતું કે, એલઆરડીની આજની પરીક્ષામાં બેસનારા દરેક ઉમેદવારોને અભિનંદન, જૂની ઘટના ભૂલી મહેનત કરી પરીક્ષા આપી તે બદલ હું તમામ ઉમેદવારોનો આભાર માનું છુ અને તેઓને અભિનંદન પાઠવું છું. પેપર બદલ ઉમેદવારોમાંપણ હકારાત્મક વલણ જોવા મળ્યા તે આનંદની વાત છે. ગુજરાત પોલીસ અને એસટી નિગમ સહિત લોકોના સહકાર સાથે આ એક્ઝામ લેવામાં આવી છે. શિક્ષણ વિભાગના અધિકારીઓનો પણ મહત્વનો ફાળો રહ્યો. આજે અમદાવાદ શહેર સહિત રાજયભરમાં કુલ મળી ૭.૧૫ લાખથી વધુ લોકોએ પરીક્ષા આપી હતી. આજે લેવાયેલી પરીક્ષામાં કુલ ૮.૭૬ લાખ ઉમેદવારોને કોલ લેટર ઈસ્યુ કરાયા હતા. પોલીસ બંદોબસ્તની વાત કે સ્ટ્રોંગ રૂમની સિક્યોરિટી કે જવાબદારી પરીક્ષા સેન્ટરની બધું જ પરફેક્ટ હતું. જો કે, આકસ્મિક ઘટના બને તો શું કરવું તે પણ તૈયારી કરી હતી અને એક એસઓપી બનાવી હતી. એકાદ બે જગ્યાએ મોબાઈલ સાથે ઉમેદવારો પકડાયા હતા સ્થળ પરથી જ પકડયા છે. ૫૨૫ સેન્ટરમાં જૂની એટેન્ડન્સ સીટ હતી તેમાં ગમે તેમ સહી થઈ હતી તે બદલી નવી એટેન્ડન્સ શીટ આપી હતી. અમુક જગ્યાઓએ જૂની શીટ વાપરી અમુક જગ્યાએ નવી શીટ મોકલાવવી પડી હતી. કેટલાક ઉમેદવારોએ પેપર અઘરું હોવા બાબતે લાગણી વ્યકત કરી છે તે મામલે હું કશું કહી ના શકુ. પરંતુ આજની એલઆરડી પરીક્ષા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઇ તે આનંદની વાત છે.

# LRD પરીક્ષા ચિત્ર...

**અમદાવાદ, તા. ૬**

**ગુજરાતમાં લોકરક્ષક દળ(લોકરક્ષક દળ)ના પેપર લીક કૌભાંડ બાદ આજે રાજયભરમાં ફરીથી લેવાયેલી લોકરક્ષક દળની પરીક્ષામાં ૭.૧૫ લાખથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. કુલ ઉમેદવાર ૮.૭૬ લાખ ઉમેદવારોને પોલીસ સત્તાધીશો દ્વારા કોલ લેટર ઈશ્યુ કરવામાં આવ્યા હતા. જે પૈકી ૭.૧૫ લાખથી વધુ ઉમેદવારો આજે પરીક્ષામાં બેઠા હતા. લોખંડી સુરક્ષા કવચ અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે અમદાવાદ શહેર સહિત રાજયભરમાં લોકરક્ષક દળની આજની પરીક્ષા એકંદરે શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઇ હતી. પરીક્ષા ચિત્ર નીચે મુજબ રહ્યું છે.**

| | |
|---|---|
| પરીક્ષા | એલઆરડી |
| એલઆરડીના કુલ પદ | ૯૭૧૩ |
| કુલ વિદ્યાર્થી નોંધાયા હતા | ૮.૭૬ લાખ |
| પરીક્ષામાં ઉપસ્થિત વિદ્યાર્થી | ૭.૧૫ લાખ |
| કુલ પરીક્ષા કેન્દ્રો હતા | ૨૪૪૦ |
| કુલ શહેર-જિલ્લામાં પરીક્ષા કેન્દ્ર હતા | ૨૯ |
| કુલ રૂમમાં બેઠક વ્યવસ્થા હતી | ૨૯૨૦૦ |
| અમદાવાદમાં પરીક્ષા કેન્દ્રો હતા | ૨૮૩ |

# એઈડ્સગ્રસ્ત બાળકી એક દિવસ માટે ઓફિસર બની

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા.૬

મહેસાણા તાલુકાના લાંઘણજ પોલીસમથકમાં આજે હાજર તમામ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ એક નાની બાળકી એવી પોલીસ અધિકારીને સલામ મારતા અને તેનો હુકમ પાળતા જોવા મળ્યા હતા. આ દ્રશ્યોએ સ્થાનિક લોકો સહિત સમગ્ર પંથકમાં પણ ભારે આશ્ચર્ય જન્માવ્યું હતું. જો કે, વાત એમ હતી કે, એઈડ્સગ્રસ્ત જન્મેલી એક બાળકીની પોલીસ અધિકારી બનવાની મહેચ્છા આજે મહેસાણાની લાંઘણજ પોલીસે માનવીય અભિગમ સાથે પૂર્ણ કરી હતી, જેને લઇ પોલીસના આ માનવીય અભિગમ અને માનવતાવાદી ઔદાર્યની ભારોભાર પ્રશંસા થતી જોવા મળી હતી. પોલીસની આ અનોખી અને ઉમદા પહેલા સમાજના અન્ય લોકો અને તંત્ર માટે પણ પ્રેરણારૂપ બની રહી હતી. સ્થાનિક લોકો સહિત પોલીસ તંત્રના ઉચ્ચ સત્તાધીશો અને સરકારી તંત્ર દ્વારા પણ લાંઘણજ પોલીસને આ ઉમદા કાર્ય બદલ ખાસ અભિનંદન પાઠવાયા હતા. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, મહેસાણા તાલુકાના એક ગામની છોકરી માતાના ગર્ભમાંથી ઈન્ફેકશન (એઈડ્સગ્રસ્ત હાલતમાં) સાથે જન્મ લીધો હતો. બાળકીને મોટા થઈને એક પોલીસ અધિકારી બનવાની મહેચ્છા હતી. આ વાતની જાણ ગુજરાત પોલીસને થતા બાળકીની ઈચ્છાપુર્તિ માટે ગુજરાત પોલીસે તેને એક દિવસીય પોલીસ અધિકારી બનાવવાની સૂચના અધિકારીને આપી હતી.

મુખ્યમંત્રી રૂપાણી, રાજયપાલ કોહલી હાજર રહ્યા

# રિવરફ્રન્ટ પર આંતરરાષ્ટ્રીય પતંગ ઉત્સવની શરૂઆત થઈ

## હવે ૧૪મી જાન્યુઆરી સુધી પતંગોત્સવ ચાલશે : વિવિધ શહેરોમાં પણ આયોજન : ૪૫ દેશોના પતંગબાજો જોડાયા



પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૬

જેની ઉત્સુકતાપૂર્વક પતંગબાજો રાહ જોઈ રહ્યા હતા તે આંતરરાષ્ટ્રીય પતંગ ઉત્સવની આજે પરંપરાગતરીતે શરૂઆત થઇ હતી. આ વખતે છઠ્ઠી જાન્યુઆરીના દિવસે આની શરૂઆત થયા બાદ ૧૪મી જાન્યુઆરી સુધી ચાલશે. ૧૪મી જાન્યુઆરી સુધી ચાલનાર આ પતંગ ઉત્સવમાં જુદા જુદા દેશોના પતંગબાજો પણ ભાગ લઇ રહ્યા છે. રાજયપાલની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પતંગ ઉત્સવની રંગારંગ કાર્યક્રમ વચ્ચે શરૂઆત કરાવી હતી. ૪૫ દેશોના ૧૫૦ પતંગબાજો આમા ભાગ લઇ રહ્યા છે. ૧૮ રાજયોના ૨૦૦ પતંગબાજ પણ આમા ભાગ લઇ રહ્યા છે. પતંગ ઉત્સવની સાથે સાથે રિવરફ્રન્ટમાં ફુડ કોર્ટ, થીમ પેવેલિયનનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સાબરમતી રિવરફ્રન્ટ એનઆઈડી ખાતે આયોજિત આ પતંગ ઉત્સવના ભાગરુપે યોગા કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. પતંગ ઉત્સવમાં ગુજરાતના ૪૦૦ પતંગબાજો પણ ભાગ લઇ રહ્યા છે. સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ૨૯માં આંતરરાષ્ટ્રીય પતંગોત્સવની શરૂઆત થઇ હતી. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ઉત્તરાયણ ગુજરાતની ઓળખ બની ચુકી છે. પર્વ અને ઉત્સવોની ઉજવણીથી ગુજરાતને ધબકતુ રાખવાનો વિચાર વર્તમાન વડાપ્રધાન મોદીની દીર્ધદ્રષ્ટિનો પરિપાક છે. રૂપાણીએ પતંગ ઉત્સવને લઈને નિર્દોષ પંખિયોને કોઇ હાની ન પહોંચે તે માટે પણ અપીલ કરી હતી. મુખ્યમંત્રીએ મકરસંક્રાંતિથી ઉત્તર તરફનું સૂર્ય પ્રયાણ સૂર્યની ઉર્ધ્વગતિ ગુજરાત અને સૌ ગુજરાતીઓ માટે સૌનો સાથ સૌનો વિકાસ અવસર બને તેવી શુભેચ્છા પાઠવી હતી. ૧૮ રાજયોના ૨૦૦થી વધુ પતંગબાજો ભાગ લઇ રહ્યા છે. ગુજરાતના ૪૦૦ પતંગબાજો જોડાયા છે. પતંગ ઉત્સવથી ૨.૮૨ લાખ લોકોને રોજગારી મળી રહી છે. રૂપિયા ૫૭૨ કરોડથી પણ વધુનું ટર્નઓવર આ પતંગ ઉત્સવથી થવા જઇ રહ્યું છે. પતંગ ઉત્સવના અવસરે તમામ વરિષ્ઠ સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. દર વર્ષની જેમજ આ વખતે પણ આનું આયોજન કરવામાં આવ્યું છે. પતંગ ઉત્સવના એક દિવસ પહેલા અમદાવાદના મેયર બીજલબેન પટેલે રિવરફ્રન્ટ ઉપર પહોંચીને જુદી જુદી તૈયારીઓની સમીક્ષા કરી હતી. આ વખતે રિવરફ્રન્ટ ફુટકોર્ટની સાથે સાથે થીમ પેવેલિયન, ક્રાફટ બજારનું આયોજન કરાયું છે. પતંગ ઉત્સવમાં વિદેશી પતંગબાજો મુખ્યરીતે આકર્ષણ જમાવી રહ્યા છે. જુદા જુદા આકારની રંગબેરંગી પતંગો તમામનું આકર્ષણનું કેન્દ્ર છે. મોટી સંખ્યામાં શહેરીજનો પતંગ ઉત્સવની મજા માણવા પહોંચે તેવી શક્યતા છે.

હિમાચલ અને કાશ્મીરમાં હિમવર્ષાની અસર થશે

# અમદાવાદ સહિત રાજ્યમાં તાપમાનમાં સતત ફેરફારો

## આગામી બે ત્રણ દિવસ દરમિયાન ઠંડી વધવાના એંધાણ

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૬

ગુજરાતમાં ઠંડીનું મોજુ અકબંધ રહ્યું છે. અલબત્ત કોઇપણ પ્રકારની ચેતવણી કોલ્ડવેવને લઇને જારી કરવામાં આવી નથી પરંતુ લઘુત્તમ તાપમાનમાં ઉતારચઢાવની સ્થિતિ જોવા મળી રહી છે. આજે અમદાવાદમાં પારો વધીને ૧૩.૨ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. એટલે કે, ઠંડીના પ્રમાણમાં આંશિકરીતે ઘટાડો થયો હતો. જો કે, વહેલી સવારે અને મોડી રાત્રે લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થઇ રહ્યો છે અને લોકો ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. આજે સતત બીજા દિવસે પણ સૌથી વધુ ઠંડીનો અનુભવ પાટનગર ગાંધીનગરમાં થયો હતો જયાં પારો ૯.૫ ડિગ્રી રહ્યો હતો. લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો હજુ પણ થવાની શક્યતા છે. અમદાવાદ શહેરમાં વહેલી સવારથી જ લોકો ગરમ વસ્ત્રોમાં નજરે પડે છે. વહેલી સવારમાં બાગ બગીચા હવે હાઉસફુલ નજરે પડી રહ્યા છે. તીવ્ર ઠંડીના લીધે જનજીવન ઉપર પણ અસર થઈ છે. ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં આગામી દિવસોમાં ઠંડી ઘટવાના સંકેત છે. તીવ્ર ઠંડીનો ચમકારો સવારમાં ફરીવાર અનુભવાયો હતો. હાલમાં નીચલી સપાટી પર ઉત્તરથી ઉત્તર-પૂર્વીય પવનો ફુંકાઈ રહ્યા છે. નવા વર્ષની શરૂઆત થયા બાદ ૧૪મી જાન્યુઆરી પછી ઠંડીના પ્રમાણમાં ધીમે ધીમે ઘટાડો થશે અને લોકોને રાહત થશે. હાલમાં ઉત્તર ભારત જોરદાર ઠંડીના સકંજામાં આવેલું છે. હાલમાં તબીબો પાસે જુદા જુદા પ્રકારના બેવડી સિઝનના ઈન્ફેકશન અને ફુડ પોઈઝનીંગના કેસો સાથે લોકો વધુ આવી રહ્યા છે. અમદાવાદ શહેરમાં આવતીકાલે મહત્તમ તાપમાન આંશિક રીતે ઘટી શકે છે અને પારો ૧૦ની આસપાસ રહી શકે છે. આજે અમદાવાદમાં સવારમાં ધુમ્મસના વાતાવરણના લીધે માહોલ વરસાદી રહ્યો હતો. જોકે વાદળછાયા વાતાવરણ વચ્ચે ઠંડીના પ્રમાણમાં ઘટાડો થયો હતો.

આજે રાજયના વિવિધ ભાગોમાં લઘુત્તમ તાપમાનની વાત કરવામાં આવે તો વલસાડમાં ૧૦.૧, દીવમાં ૧૩.૮, મહુવામાં ૧૨.૩ અને નલિયામાં ૧૧.૮ ડિગ્રી તાપમાન રહ્યું હતું. અમદાવાદમાં આજે દિવસ દરમિયાન ઠંડા પવનો ફુંકાયા હતા. અમદાવાદમાં હવે રાત્રિ ગાળામાં ઠંડીના લીધે ટ્રાફિકની સ્થિતિ ઓછી જોવા મળી રહી છે. હવામાન વિભાગ તરફથી ચેતવણી જારી કરાયા બાદ ઠંડીને લઈને લોકો સજજ છે. હવામાન વિભાગના કહેવા મુજબ હાલમાં નિચલી સપાટી ઉપર ઉત્તર પૂર્વીય પવનો ફુંકાઈ રહ્યા છે. વાદળછાયુ વાતાવરણ પણ નથી. ફુલગુલાબી ઠંડી વચ્ચે લોકો હાલમાં મજા માણી રહ્યા છે. ઠંડીના પ્રમાણમાં એકાએક અમદાવાદ શહેરમાં ઘટાડો નોંધાયો છે. અલબત્ત સવારમાં ઠંડા પવનો ફુંકાઈ રહ્યા છે પરંતુ એકંદરે ઠંડી ઘટી છે. જમ્મુ કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષા થઇ રહી છે ત્યારે તેની અસર ગુજરાતમાં પણ આગામી દિવસોમાં જોવા મળી શકે છે.

# ક્યાં કેટલું તાપમાન.....

**અમદાવાદ, તા. ૬**

**ગુજરાતમાં ઠંડીનું મોજુ અકબંધ રહ્યું છે. અલબત્ત કોઈપણ પ્રકારની ચેતવણી કોલ્ડવેવને લઈને જારી કરવામાં આવી નથી પરંતુ લઘુત્તમ તાપમાનમાં ઉતારચઢાવની સ્થિતિ જોવા મળી રહી છે. આજે અમદાવાદમાં પારો વધીને ૧૩.૨ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. રાજ્યમાં ક્યાં કેટલું તાપમાન નોંધાયું તે નીચે મુજબ છે.**

| સ્થળ | લઘુત્તમ તાપમાન |
|---|---|
| અમદાવાદ | ૧૩.૨ |
| ડિસા | ૧૧.૫ |
| ગાંધીનગર | ૯.૫ |
| વડોદરા | ૧૨.૧ |
| સુરત | ૧૪.૫ |
| વલસાડ | ૧૦.૧ |
| પોરબંદર | ૧૬.૮ |
| અમરેલી | ૧૫.૫ |
| રાજકોટ | ૧૩.૩ |
| સુરેન્દ્રનગર | ૧૫ |
| મહુવા | ૧૨.૩ |
| ભુજ | ૧૩.૩ |
| નલિયા | ૧૧.૮ |
| કંડલા એરપોર્ટ | ૧૩ |